Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 19 - Issue : 6

March, 2015



આનંદ પામે અનુકૂળતાથી,
બેચેન થાયે પ્રતિકૂળતાથી,
એ જીવની આદત છે પુરાણી,
તેને પ્રભો ! સંહરજો કૃપાથી.

- પ્રા. એ. જી. ભટ્ટ

'મોટા ચરણે', શ્લોક -૩૭



## વચનામૃત

મરના મરના ક્યા કરે ? દો બાતેં મર જાવ,
રાગદ્વેષ કો માર કે, જીવન્મુક્ત બન જાવ.

મનવાને વાર્યો નહિ, ના આત્મગુટિકા પીધી,
વિષયવાસના ભોગ મેં, ના પ્યાલી પ્રેમની પીધી.

'હું' નાવિક, 'તું' નાવ છે, પણ 'તે' ના વિણ શું થાય ?
ઝપટ લાગે તે પવનની, તો સહેજે પાર પમાય.

પવન વસો નાભિસ્થળે, દુજો હૃદયાકાશ,
ઔર બસે બ્રહ્માંડ મેં, જીવનજ્યોત પ્રકાશ.

બાહર ઢૂંઢે નહિ મળે, ક્યૂં ચાહે વિનાશ ?
સત્પુરુષનો આશરે, કર લે જ્ઞાન પ્રકાશ.

-દાસાનુદાસ

'ફૂલમાળા', પ્ર. આ., ટા. પે. ૪

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૧૯ અંક : ૬ માર્ચ, ૨૦૧૫**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક :-**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી વિશેષ વર્ષોનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઇન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : હરિવાણી ટ્રસ્ટ**
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org**
**ઉપર હરિભાવ ઉપલબ્ધ હોય છે.**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**
* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. 'હરિભાવ'ના આજીવન ગ્રાહકો અંગે........... સંપાદક ૪
૨. ગુરુ બધું કરી દે ?.............................. શ્રીમોટા ૫
૩. મહિલાઓ અંગે ગાંધીજી .................. શ્રી પ્યારેલાલ ૬
૪. યોગ વિદ્યાલયની સ્થાપના ........... પરમાનંદ યોગાનંદ ૮
૫. ઘરકામ કર્યાનો
શ્રીમોટાના જીવનનો પ્રસંગ .........સોમાભાઈ ભાવસાર ૧૦
૬. દુઃખમાંથી સુખ....................... શ્રીઉપાસની બાબા ૧૨
૭. માણસની માણસાઈ .............આચાર્ય વિજયરત્નસુરિ ૧૩
૮. સદ્‌ગુરુની મદદનો આધાર
આપણા પોતાના પર અવલંબે છે ............... શ્રીમોટા ૧૪
૯. પૂજ્ય શ્રીમોટાનો રામનવમી ઉત્સવ
સુરત મુકામે તા. ૧૨-૪-૨૦૧૫...... કડીવાલા પરિવાર ૧૫
૧૦-અ પૂજ્ય શ્રીમોટાનું ગુરુકાર્ય-(૨) ........... હર્ષદ ત્રિવેદી ૧૬
૧૦-બ પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિન,
રામનવમી ઉત્સવ તા. ૨૯-૩-૨૦૧૫ .. મુંબઈના સ્વજનો ૧૯
૧૧. મહાજન શક્તિદળની પ્રવૃત્તિઓનો અહેવાલસ્નેહાબહેન પટેલ ૨૦
૧૨. ચેતનાનિષ્ઠનો સંબંધ નિમિત્ત આધારિત છે ....... શ્રીમોટા ૨૧
૧૩. સદ્‌ગત શ્રી મધુકરભાઈને નમન.......... પ્રભુદાસ જાની ૨૨
૧૪. શ્રીમોટાના જીવનનો આત્મ વિલોપનનો પ્રસંગ... અનામી ૨૫
૧૫. તમારી ધન્ય અક્કલને ......................... શ્રીમોટા ૨૬

## કર્મ મહિમા

મારી તો હૃદયની પ્રાર્થના છે કે આપણે કર્મનું રહસ્ય, કર્મની કળા, જીવનવિકાસ માટે સમજીએ. 'જીવન' માટે કર્મ છે. કર્મમાત્ર કર્મને માટે નથી. કર્મ કંઈ કોઈ બીજાના ઉદ્ધાર કાજે નથી. કર્મ તો પોતાના જીવનના ઉદ્ધાર કાજે છે. તેવી ભાવના પ્રધાનતઃ કર્મના આચરણમાં જ્ઞાનપૂર્વક આપણામાં જીવંત પ્રગટેલી હોવી જોઈએ. તેમ ન હોય તો પછી કર્મ ગમે તેટલું ઉત્તમ હોય, તોપણ તે યથાર્થ નથી જ.

'પ્રેરક વિભૂત મહાત્મા ગાંધી', પ્ર.આ. પૃ. ૪૭ **-શ્રીમોટા**

## (૧) 'હરિભાવ'ના આજીવન ગ્રાહકો જોગ... સંપાદક

'હરિભાવ' સમગ્ર ભારતમાં રાહતદરે પચીસ પૈસામાં પોસ્ટ થાય છે. પોસ્ટ ખાતા દ્વારા જૂના પરિપત્રોના ઉલ્લેખ સાથે સૂચના જારી કરી છે કે રાહતદરેના પોસ્ટીંગનો લાભ આજીવન ગ્રાહકને મળે નહિ. તેઓને રેગ્યુલર પોસ્ટેજ-રૂપિયા બે સુધીની લાગુ પડે.

આ કારણે નવા આજીવન લવાજમ સ્વીકારવાનું તો બંધ કરાયેલ છે જ. ફેબ્રુઆરી ૨૦૧૫ હરિભાવના પાન નં. ૪ ઉપર ખાસ નોંધ મુજબ તા. ૨૧-૨-૨૦૧૫ના રોજ મળેલ હરિવાણી ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની મિટિંગમાં આ મુદ્દે વિગતે ચર્ચાવિચારણા કરાયા બાદ આજીવન ગ્રાહકોને નિયત માપદંડની રીતે વાર્ષિક ગ્રાહકમાં ફેરવાશે. તેનો અમલ તા. ૧-૪-૨૦૧૫થી કરાશે.

હરિવાણી ટ્રસ્ટ રચાયું તે પહેલાં હરિવાણી ત્રિમાસિક હતું ત્યારે આજીવન લવાજમ રૂ. ૧૨૫, ૧૫૦ કે ૨૦૦ હતું. જે આજે પણ યથાવત છે. ટ્રસ્ટ દ્વારા મન્થલી ધોરણે હરિવાણી-હરિભાવ પ્રકાશિત કરાતાં આજીવન લવાજમ રૂ. ૪૦૦ હતું. પાછળથી રૂ. ૫૦૦ કરાયેલ જે આજપર્યંત ચાલુ છે.

ભાદરવા વદ-૪, રામનવમી, પુસ્તક મેળા વગેરે પ્રસંગે ટ્રસ્ટે આજીવન લવાજમમાં રૂ. ૧૦૦ની રાહત આપેલ. પાછળથી ઉત્સવના યજમાનશ્રી તરફથી રૂ. ૧૦૦નો સહયોગ અપાયો છે, એટલે રૂ. ૩૦૦ અને ૪૦૦ના આજીવન સભ્યો પણ છે.

હાલમાં વાર્ષિક લવાજમ રૂ. ૫૦ છે તે ધોરણે જેઓના રૂ. ૧૫૦ છે તેઓને ત્રણ વર્ષ-તા. ૩૧-૩-૨૦૧૮ સુધી, જેઓના રૂ. ૨૦૦ છે તેઓને ચાર વર્ષ ૩૧-૩-૨૦૧૯ સુધી, જેઓના રૂ. ૩૦૦ છે તેઓને છ વર્ષ ૩૧-૩-૨૦૨૧ સુધી અને જેઓના રૂ. ૫૦૦ છે તેઓને દસ વર્ષ ૩૧-૩-૨૦૨૫ સુધી વાર્ષિક ગ્રાહક તરીકે મુદત ગણાશે.

પરદેશનું વાર્ષિક લવાજમ રૂ. ૬૦૦ 'બાયએર' છે અને આજીવન રૂ. ૬૦૦૦ હોઈ ત્યાં દસ વર્ષની એટલે કે તા. ૩૧-૩-૨૦૨૫ સુધીની મુદત રહેશે.

હવેથી વાર્ષિક લવાજમ એક, બે કે મહત્તમ પાંચ વર્ષ માટે જ સ્વીકારાશે જે રૂ. ૫૦ લેખે ૨૫૦ સુધી ભરી શકાશે.

હાલમાં આજીવન ગ્રાહકોની સંખ્યા સાતેક હજારની થવા જાય છે. તેમાં મોટાભાગના સભ્યો છેલ્લા પાંચ-સાત વર્ષમાં જ થયા છે.

એક અન્ય વિગત પણ છે. જેઓને હરિભાવનું વાચન રુચિકર જણાય છે તેઓ તેમના સ્નેહી-સગાંસંબંધી કે મિત્રો માટે હરિભાવનું લવાજમ ભરે છે. પોસ્ટ ખાતાની દૃષ્ટિએ આવા ગ્રાહકોને રાહતદરનો લાભ મળી શકે નહિ. આ બાબતમાં રજૂઆત ચાલુ છે. છતાં તે દરમિયાનમાં હાલ કોઈ આ પ્રકારે લવાજમ મોકલે નહિ તેવી વિનંતી છે.

આજીવન ગ્રાહકો આ સ્થિતિને સમજશે અને સ્વીકારશે એવી વિનમ્રભાવે અમારી પ્રાર્થના છે. આભાર સહ.

# (૨) ગુરુ બધું કરી દે ?

શ્રીમોટા

**શ્રીમોટા :** ઘણા બધા એમ કહે છે કે બધું ગુરુ કરી દેશે. તો ગુરુ તો તમારો ગધેડોબધેડો છે ? બળદિયો છે કે તમારો ભાર એમ ને એમ વહન કરે ?

ગુરુની સાથે એકરૂપ થઈ જાવ. એકરસ થઈ જાવ અને ભક્તિ જાગે તો જુદી વાત છે, પણ એવી રીતે કોઈથી થાય નહિ, તો પછી એવું થાય ત્યાં સુધી તમે મથ્યા કરો, ભાઈ !

આ બધું આ મહાત્માઓ અને સંન્યાસીઓ સમાજમાં ફેલાવે છે કે 'આશીર્વાદ અને કૃપા-ક્યા નહિ કર સકતા હૈ આશીર્વાદ? તેથી 'તમારો બધો મદાર ગુરુની ઉપર નાખી દો. ગુરુ તમારું બધું કરી દેશે.' આ જાતની જે સમજણ સમાજમાં પ્રગટે છે, તે સમાજને વધારે લૂલો બનાવે છે.

સમાજને પુરુષાર્થ પર લઈ જવો જોઈએ. પુરુષાર્થ કરો તો ગમે તે થઈ શકે. **જીવનો શિવ થઈ શકે છે. કેટલી બધી મોટી વાત છે ! જો જીવના શિવ થઈ શકીએ તો પ્રારબ્ધ તો શું એની આગળ વિસાતમાં ?** એ પુરુષાર્થ પરત્વે સમાજે ઝોક આપવો જોઈએ. અનુભવી પુરુષોએ-સાધુ, સંન્યાસીઓ, મહાત્માઓ તેને બદલે આ જાતનો ઝોક આપે છે કે 'ગુરુ સબ કુછ કર સકતા હૈ !' એ બરોબર નથી.

**સ્વજન :** 'ગુરુ બધું કરી શકે.' એ કહેવા પાછળનો હેતુ શો હશે ?

**શ્રીમોટા :** હાલનો હેતુ તો મને બહુ સારો નથી લાગતો. એ તો વ્યક્તિપૂજા થઈ ગઈ. સમાજમાં વ્યક્તિને વિશેષ મહત્ત્વ એટલે (ઇમ્પૉર્ટન્સ) આપી, સમાજને અમારા લોકોએ દોર્યો. સમાજનાં મૂળમાં આ રહેલું છે. એથી સમાજ પણ વ્યક્તિને જ મહત્ત્વ આપ્યા કરે છે. સમાજનું માનસ આ રીતનું ઘડાયેલું છે, પણ એને તોડવું જોઈએ.

અનુભવી માણસ ચીલેચલુ નથી હોતો, પણ અત્યારે બધું એમ જ ચીલેચલુ જ છે. બધા સાધુ સંન્યાસીઓ જે કંઈ છે તે ચીલેચલુ છે. પણ એ બરાબર નથી. તો પછી એમાંથી સમાજ કેવી રીતે ઊઠે ?

પોતે ચેતનમાં પ્રગટવાને માટે પોતાનામાં કેવી જાતની અભીપ્સા, જિજ્ઞાસા હોવી ઘટે અને કેવા પ્રકારનું પોતે કર્મ કરે તો આ થઈ શકે એના પરત્વેનો કોઈ ઝોક નથી. એમની જ વાતો કર્યા કરે. ગુરુની વાતો કર્યા કરે. પણ ચેતન તરફ જવાના રસ્તાની કોઈ વાતો કેમ નથી કરતા ?

તમારો પોતાનો ગુરુ તમે તમારા પોતામાં ઊભો કરો. ગુરુ પર મહત્ત્વ આપી દો છો. એટલે કે પોતાના પર જ મહત્ત્વ અપાય છે.

હું પ્રવચન કરતો હોઉં તો બધાં મારા પર જ લેને ? એટલે એ લોકો બધું મારા પર જ કહેને ? તો તમે ગુરુને બધું સોંપી દો, એ વાત બરોબર નથી. તમે પોતે જાતે મથો, એ જાતનો ઝોક આવવો જોઈએ, તો સમાજમાં માંહ્યલો વધારે દૃઢ થઈ શકે. આ તો પુરુષાર્થ ઉપર બિલકુલ ઝોક નથી આપતા.

તા. ૧૨-૬-૧૯૭૪

'શેષ-વિશેષ', પ્ર. આ., પૃ. ૧૬ ❑

## (૩) મહિલાઓ અંગે ગાંધીજી

શ્રીપ્યારેલાલજી

ગાંધીજીને થોકબંધ ટપાલ મળતી. તે દ્વારા પ્રજાના વૈવિધ્યપૂર્ણ અને કેટલીક વાર ચિત્રવિચિત્ર કહી શકાય એવા પત્રો પણ મળતા.

એક વિધુરે ફરીથી લગ્ન કરવા માટે ગાંધીજીના આશીર્વાદ માગતો પત્ર લખ્યો. ગાંધીજીએ જવાબમાં લખ્યું કે હિંદુ ધર્મમાં સ્ત્રીઓને ફરીથી લગ્ન કરવાનો અધિકાર જો ન હોય તો ન્યાયને ખાતર પુરુષે પણ ફરીથી લગ્ન ન કરવું જોઈએ. પરંતુ જો ફરીથી લગ્ન કરવું હોય તો લગ્ન કરવા ઇચ્છનાર કોઈ વિધવાને જ પોતાની સહધર્મિણી તરીકે પસંદ કરવી જોઈએ.

એક બહેનનો પત્ર હતો કે મને દીકરો અવતરશે તો હું જઈને મહાત્માના ચરણ સ્પર્શ કરીશ એવી મેં મારા ઈષ્ટદેવ સમક્ષ પ્રતિજ્ઞા લીધી છે. મારી એ પ્રાર્થના ફળી છે. મારી પ્રતિજ્ઞા પૂરી કરવાને આપ મને તક આપશો. એના જવાબમાં ગાંધીજીએ હિંદની સ્ત્રીઓના ભોળપણ વિશે ટીકા કરીને લખ્યું કે 'મને તો દીકરીઓ તરફ પક્ષપાત છે. ભગવાને જેટલું શ્રદ્ધાબળ સ્ત્રીઓને આપ્યું તેટલું પુરુષોને નથી આપ્યું. છોકરી કરતાં છોકરાને વધારે મહત્ત્વ અપાવનારું સ્ત્રીઓનું અજ્ઞાન આપણે દૂર નહિ કરી શકીએ ત્યાં સુધી આપણું શ્રેય થવાનું નથી. મારા આ ઠપકાની પાછળ મારું ઊંડું દુઃખ રહેલું છે. વળી તમે માનો છો એવી ઈચ્છા પૂર્ણ કરવાની શક્તિ હું ધરાવતો નથી. હું તો માનવીના અનેક દોષોથી ભરેલો સામાન્ય માણસ છું.'

બહેનોની મુક્તિ માટે ગાંધીજીએ પોતાના જીવનનું મિશન બનાવ્યું હતું. એને કારણે, રૂઢિચુસ્તતા તેમણે ફગાવી દીધી હતી અને જૂનામાં જૂની મૈત્રીઓ જોખમાવી હતી. હિંદની આઝાદીનો જંગ જીતનાર તેમના અભૂતપૂર્વ અહિંસક સામુદાયિક આંદોલનમાં હિંદની બહેનો મોખરે હતી. આધુનિકતાના જુવાળના ધસારામાં બહેનો પણ હવે પોતાનું સમતોલપણું ગુમાવી બેઠી છે, એ જોઈને તેમને ભારે ખેદ થતો હતો. એક દિવસ તેમણે અતિશય ગ્લાનિપૂર્વક કહ્યું, 'સ્ત્રીઓ સમાજમાં મહાન શક્તિ છે, પરંતુ પોતાની શક્તિનો તેઓ દુરુપયોગ કરશે તો આખો સમાજ છિન્નભિન્ન થઈ જશે. બહેનો પર મને ક્રોધ નથી ચડતો મને કેવળ અફસોસ અને દુઃખ થાય છે. બહેનો કેટલી બધી અજ્ઞાન, કેટલી બધી ભોળી છે, કેટલી બધી સહેલાઈથી તેમને અવળે રસ્તે દોરી શકાય છે. પણ હું તેમના પર ક્રોધ કેવી રીતે કરી શકું ? પરદેશી કાપડની દુકાનો પર તથા દારૂના પીઠાંઓ આગળ પિકેટિંગ કરવા માટે પોતોના ઘરબાર, કુટુંબ-કબીલો તથા બાળકોને છોડીને હજારોની સંખ્યામાં હિંમતપૂર્વક તેઓ બહાર નીકળી પડી હતી. લાઠીમારનો તથા અપમાનોનો મુકાબલો તેમણે જ કર્યો હતો.

અત્યારની મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સૌથી વધુ યાતનાઓ અને વિટંબણાઓ બહેનો જ સહી રહી છે. તેઓને મારા ઉપર ક્રોધ કરવાનો હક છે, કેમ કે **પુરુષ જાતે બહેનોને કચરી છે. મારી પોતાની જ પત્ની પર એક વખત જુલમ કરનાર હું એ બરાબર જાણું છું.**

ગાંધીજીને મન કસ્તૂરબા ભારતીય સંસ્કૃતિના ઉત્તમ તત્ત્વોનાં પ્રતિનિધિ હતા. હિંદની બહેનોએ અપનાવવા માટેના પૂર્ણ નમૂના સમાન એ હતાં. તેના કારણો આપતાં ગાંધીજી માનતા કે સ્ત્રીઓએ એકમાત્ર ઈશ્વરને જ પોતાના સાચા સહાયક તરીકે લેખવો જોઈએ. એનાથી તેમનામાં આત્મવિશ્વાસ પેદા થશે. આજે તો તેઓ નીચે જઈ રહી છે. પુરુષો સાથેની હરીફાઈની તેમની પાગલ દોટમાં તેઓ પોતાનો સાચો ધર્મ ખોઈ બેઠી છે. નમ્રતા, માનવતા, સાદાઈ અને આત્મસહન એ તેમનો સ્વભાવ છે. તેમની આ ઈશ્વરદત્ત બક્ષિસોનો તેમણે સારામાં સારો ઉપયોગ કરવો જોઈએ. પ્રાચીન કાળની વીરાંગનાઓની આંતરિક શુદ્ધતા, તેમની તપશ્ચર્યા તથા તેમનાં ચારિત્ર્યબળ હિંદની સ્ત્રીઓ પોતાનામાં ફરી પ્રગટાવે નહિ ત્યાં સુધી તેમનું કે હિંદનું ભાવિ ઊજળું નથી.

મહિલા શક્તિ જાગૃતિ ઉદય-ઉત્થાન-ઉન્નતિ વીસમી સદી, ગુજરાત, પ્ર.આ. પૃ. ૩૦ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | કૈલાસબેન ઠાકોરભાઈ પંડ્યા | ભાદરણ | ૫,૦૦૧/- |
| ૨. | એક સ્વજન | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૩. | પૌત્ર ચિ. ભાવિન અકાળે હાર્ટએટેકથી શ્રીહરિશરણ થતાં તેના સ્મરણાર્થે હસ્તે રમણભાઈ એમ. પટેલ | નડિયાદ | ૫,૦૦૦/- |
| ૪. | જગદીશચંદ્ર મારફતીયા | મુંબઈ | ૨,૫૦૦/- |
| ૫. | શ્રીમતી નીલાબહેન ચિરાગકુમારના પુત્ર ચિ. ઉત્સવની યજ્ઞોપવિત નિમિત્તે | રૂપાલ-અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૬. | ચિ. ધ્રુવના લગ્ન અને ચિ. ધવલની સગાઈ નિમિત્તે હસ્તે બળવંતરાય અંબાલાલ જોષી | અમદાવાદ | ૧,૦૦૨/- |
| ૭. | ભગવતીબહેન મનુભાઈ | નરોડા | ૧,૦૦૦/- |
| ૮. | અમીચંદભાઈ શા. પટેલ | હિંમતનગર | ૧,૦૦૦/- |
| ૯. | કનૈયાલાલ રણછોડલાલ પટેલ | અમદાવાદ | ૮૦૧/- |
| ૧૦. | સદ્‌ગત બાલકૃષ્ણ જે. દવેની પુણ્યતિથિ (૭-૩) નિમિત્તે હસ્તે પદ્માબહેન બાલકૃષ્ણ દવે | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | સદ્‌ગુત મધુબહેન જયંતીલાલ ત્રિવેદીની પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ભરતભાઈ પરીખ | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૨. | હરિભાઈ શકરાભાઈ પ્રજાપતિ | નરોડા | ૫૦૧/- |
| ૧૩. | હેતા પાનવાલા (ધ્યાનાના જન્મદિન નિમિત્તે) | સુરત | ૫૦૧/- |
| ૧૪. | સોનલ પાનવાલા (આરાના જન્મદિન નિમિત્તે) | સુરત | ૫૦૧/- |
| ૧૫. | ચિ. ઉક્તિની દસમા ધોરણની પરીક્ષા નિમિત્તે હસ્તે હનિષ કે. ગાંધી | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૬. | નારણભાઈ પી. પટેલ | ઓલપાડ | ૨૦૨/- |
| ૧૭. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |
| ૧૮. | મંદાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

## (૪) યોગ વિદ્યાલયની સ્થાપના

**પરમહંસ યોગાનંદ**

મારા ગુરુદેવ શ્રીયુક્તેશ્વરજીએ એક વખત ધીમેથી મને કહેલું, 'યાદ રાખ, જે પોતાની સાંસારિક ફરજો તજી દે તેમણે વધારે બહોળા કુટુંબોની કોઈક પ્રકારની જવાબદારી સ્વીકારીને જ પોતાનું ન્યાયીપણું દર્શાવવું જોઈએ.'

યુવાનો માટે સાચા શિક્ષણનો આદર્શ અને શરીરના વિકાસની દૃષ્ટિએ અપાતાં સાધારણ શિક્ષણનાં શુષ્ક પરિણામો મેં સ્પષ્ટ જોયાં છે. સામાન્ય અભ્યાસક્રમમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને હજુ સુધી કશું સ્થાન જ નથી. તેની યોગ્ય આંકણી સિવાય માણસ સુખ મેળવી શકતો નથી.

નાના કિશોરો જ્યાં માનવત્વની પૂર્ણ કક્ષા સુધી પહોંચે તેવી શાળા સ્થાપવાનો મેં નિશ્ચય કર્યો. બંગાળના એક નાના ગામડામાં સાત બાળકોથી આ દિશામાં મેં પ્રથમ પગલું માંડ્યું. એક વરસ પછી સને ૧૯૧૮માં કાસિમ બજારના મહારાજા સર મણિન્દ્રચંદ્ર નંદીની ઉદારતાથી મારી વિકસતી મંડળીને હું રાંચી લઈ જઈ શક્યો. ત્યાં મેં 'યોગદા સત્સંગ બ્રહ્મચર્ય વિદ્યાલય'નું નામ આપ્યું. મનુષ્ય જીવનના વૈદિક યોજના મુજબ જે ચાર આશ્રમો કર્યા છે તે પૈકીનો એક છે બ્રહ્મચારી વિદ્યાર્થી. બીજો છે ગૃહસ્થી, ત્રીજો આશ્રમવાસી-વાનપ્રસ્ત અને ચોથો છે વનવાસી-પરિવ્રાજક-સંન્યાસી.

મેં જે શૈક્ષણિક અભ્યાસક્રમ ગોઠવ્યો તેમાં કૃષિ, વ્યાપાર-ઉદ્યોગ અને શૈક્ષણિક વિષયોનો સમાવેશ કરાયો. વર્ગોનું મોટાભાગનું શિક્ષણ બહાર ખુલ્લામાં આપવાની ગોઠવણ કરી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓને, ધ્યાનયોગ તથા આરોગ્ય અને શારીરિક વિકાસ માટેની 'યોગદા'ની અપૂર્વ પદ્ધતિ જેના સિદ્ધાંતો મેં સને ૧૯૧૬માં શોધી કાઢ્યા હતા તે શીખવવામાં આવે છે.

માણસનું શરીર વીજળીની એક બેટરી જેવું છે, એ વાત ધ્યાનમાં રાખીને મેં વિચાર્યું કે માનવીય ઈચ્છાશક્તિના સીધા માધ્યમ દ્વારા તેને પ્રત્યક્ષપણે પુનઃશક્તિ સંચારિત કરી શકાય છે. **કોઈ પણ પ્રકારનું કામ ઈચ્છા વિના સંભવિત નથી.** તેથી માનવી યાંત્રિક કસરતો સિવાય પણ મૂળ ચાલક જે ઈચ્છાશક્તિ છે તેનાથી પોતાની શક્તિને નવસંચારિત કરી શકે. યોગદાની સાદી પ્રક્રિયાઓથી કોઈ પણ માણસ પોતાની પ્રાણશક્તિને વિશ્વશક્તિના અમર્યાદિત ખજાનામાંથી જોઈતો જથ્થો મેળવીને સભાન રીતે અને તરત જ પુનર્જીવન આપી શકે.

પ્રાણ પ્રવાહને શરીરના એક અવયવમાંથી બીજામાં સંચાર કરવાની તથા કઠિન આસનોમાં લાંબા સમય સંપૂર્ણ સ્થિર બેસી રહેવાની તેમની શક્તિનો અસાધારણ રીતે વિકાસ કરીને રાંચીના વિદ્યાર્થીઓએ બહુ સારો પ્રતિભાવ આપ્યો.

મારો સૌથી નાનો ભાઈ વિષ્ણુચરણ ઘોષ રાંચીની શાળામાં દાખલ થયો હતો. પાછળથી એ જાણીતો વ્યાયામવીર બન્યો હતો. સને ૧૯૩૮-૩૯માં તે અને તેનો એક વિદ્યાર્થી પશ્ચિમની મુસાફરીએ ગયા હતા. ત્યાં તેમણે બળ અને સ્નાયુઓ ઉપરના નિયંત્રણના ઘણા

પ્રયોગો બતાવ્યા હતા. ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટી તથા યુરોપ અને અમેરિકાના ઘણા અધ્યાપકો શરીર ઉપર મનના કાબૂના પ્રયોગથી આશ્ચર્યચકિત થયા હતા.

આ વિદ્યાલયમાં મારે નાના કિશોરોના માતાપિતા બનવું પડ્યું હતું તથા અનેક સંસ્થાકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ઈસુના એક સંદેશનો અર્થ મારા ગુરુજી આ પ્રમાણે કરતા હતા 'જે ભક્ત લગ્ન અને કૌટુંબિક જીવનની સામાન્ય જવાબદારીઓ તજીને વધારે મોટી જવાબદારીઓ-સામાન્ય રીતે સમાજસેવાની-સ્વીકારે છે તેને ઘણી વખત અણસમજુ દુનિયા તરફથી તિરસ્કાર મળે છે. પરંતુ આવી વિસ્તૃત સેવાઓથી ભક્તની સ્વાર્થ વૃત્તિ નિર્મૂળ થાય છે અને બદલામાં તેને દિવ્ય આનંદ મળે છે.'

સિત્તેર વીઘાં (૨૦ એકર) જેટલી ફળદ્રૂપ જમીન અમારા હસ્તક હતી. એટલે અમે સૌ દરરોજ બાગકામ અને શ્રમકાર્યની મજા માણતા. અમારી પાસે ઘણાં પાળેલાં પ્રાણીઓ હતા. જેમાંનું એક નાનું હરણ અમારું બહુ લાડકું હતું. એને મારા ઓરડામાં સૂવા દેતો અને સવાર પડતાં મારી સાથે ગેલ કરતું.

છોકરાઓએ વહાલમાં એને વધારે ખવડાવી-દૂધ પીવડાવતાં અતિ આહારને લીધે એ મરણતોલ થઈ ગયું હતું. તેને મારા ખોળામાં લઈ તેની જિંદગી બચાવવા મેં દયાદ્ર ભાવે ઈશ્વરને ખૂબ પ્રાર્થના કરી. એણે આંખો ઉઘાડી અને ધીમેથી ઊભું થઈ ચાલવા માંડ્યું. આખી શાળા હર્ષનાદથી ગાજી ઊઠી. પરંતુ રાત્રે એ બચ્ચું મને સ્વપ્નમાં દેખાયું અને મને તેણે કહ્યું, 'તમે મને રોકી રહ્યા છો. કૃપા કરીને મને જવા દો, જવા દો.'

હું તરત જ જાગી ગયો અને બોલી ઊઠ્યો, 'છોકરાઓ બચ્ચું મરી જાય છે !' છોકરાઓ દોડી આવ્યા. ઓરડાના જે ખૂણામાં બચ્ચું હતું તે તરફ હું દોડી ગયો. છોકરાઓ પણ દોડી આવ્યા. ઊઠવાનો છેલ્લો પ્રયત્ન કરી લથડિયું ખાઈ મારા પગ આગળ પડી જઈ એણે દેહ છોડ્યો.

પશુઓના પ્રારબ્ધને દોરનાર અને તેનું નિયમન કરનાર જે કર્મનો કાયદો છે તે અનુસાર આ હરણનું જીવન પૂરું થયું હતું. પરંતુ તેના તરફની મારી ઊંડી આસક્તિ જે સ્વાર્થ ભરેલી હતી તેને કારણે એનો આત્મા તરફડિયાં મારતો હતો. મને ઈશ્વરની ઈચ્છાને સમજવાનો એક ગંભીર પાઠ મળ્યો જે હું કદી ભૂલી શકીશ નહિ.

'યોગીકથામૃત', પ્ર. આ., પૃ. ૩૧૩ ❑

## ગયેલા આત્માને....

પૂજ્ય શ્રીમોટાના નડિયાદના સ્વજન **શ્રી મધુકરભાઈ લ. પટેલ**નો તા. ૭-૨-૨૦૧૫ના રોજ અમદાવાદ મુકામે દેહાંત થયો છે. સદ્‌ગતશ્રીનું શ્રીહરિ સર્વપ્રકારે યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.

**-સંપાદક**

## (૫) ઘરકામ કર્યાનો શ્રીમોટાનો પ્રસંગ

સોમાભાઈ ભાવસાર

શ્રીમોટા જ્યારે હરિજનસેવાનાં કામ કરતા હતા ત્યારે દર વર્ષે એક મહિનો રજા લઈને કોઈ એકાંત સ્થળે જતા અને ત્યાં તેઓ તેમના ગુરુમહારાજના આદેશ અનુસાર સાધના કરતા.

એકવાર તેઓ આ રીતે જબલપુર પાસેની નર્મદા નદીના ધૂંવાધાર જગ્યાએ સાધના માટે જઈ રહ્યા હતા, ત્યાં રસ્તામાં એમનું ખિસ્સું કપાઈ ગયું અને ખર્ચ માટે જે પૈસા લીધેલા તે જતા રહ્યા.

શ્રીમોટાએ વિચાર કર્યો કે જબલપુરના કોઈ ગુજરાતી વેપારી પાસેથી પૈસા ઉછીના લઈને પ્રવાસ આગળ કરવો. તે માટે તેઓ જબલપુરમાં ગયા. ફરતાં ફરતાં એક મોટા ગુજરાતી વેપારીની દુકાન આવી. તેમાં તેઓ ગયા. શેઠ બેઠા હતા. તેમને પ્રણામ કરીને શ્રીમોટા બોલ્યા, ‘મારે આપને એક વાત કરવી છે.’

શેઠ બોલ્યા, ‘ખુશીથી કરો.’

શ્રીમોટાએ તેમને ધૂંવાધાર જવાની વાત કરી અને કહ્યું, ‘ત્યાં જવાના ખર્ચ માટે જે પૈસા લાવેલો તે ખિસ્સું કપાવાથી ચાલ્યા ગયા છે. હવે જો આપ ઉછીના પૈસા આપો તો મારાથી ત્યાં જવાય. ઘરે જઈને લીધેલા પૈસા હું તરત પરત કરીશ.’

પણ અજાણ્યા માણસને એમ ઉછીના પૈસા કોણ આપે ? તેમ તે સાચો છે કે ખોટો તે જોવાની શેઠને ફુરસદ પણ ક્યાં હોય ? એટલે શેઠે તરત કહી નાખ્યું, ‘ઉછીના બુછીના પૈસા અમે કોઈને આપતા નથી. તારે નોકરી જોઈતી હોય તો સગવડ કરી આપું. ઘરે એક નોકરની જરૂર છે, પણ ઘરમાં જે કાંઈ કામ બતાવે તે બધુંય કામ તારે કરવું પડશે. બોલ, છે મરજી ?’

શ્રીમોટાએ હા પાડી, એટલે શેઠે બૂમ પાડી દુકાનના એક માણસને બોલાવ્યો અને કહ્યું, ‘જો આ ભાઈને ઘેર લઈ જઈને શેઠાણીને કહેજે કે તમારે ઘર માટે નોકર જોઈતો હતો તે મોકલ્યો છે.’

શ્રીમોટા તો પેલા માણસની સાથે શેઠને ઘેર ગયા. અને ઘરનોકર તરીકે કામ શરૂ કરી દીધું. એક મોટો ઢગલો વાસણ માંજવાનાં હતાં. બાળપણમાં શ્રીમોટાએ આવું કામ કરેલું એટલે વાસણ જલદી અને સારાં કેમ મંજાય તેનો તેમને અનુભવ હતો. તેમણે જલદી જલદી વાસણ માંજી નાખ્યાં અને તાપમાં સૂકવવા મૂક્યાં. વાસણ ચકચકાટ મંજાયા હતાં. શેઠાણીએ દૂરથી વાસણ જોયાં ને ખુશ થઈ ગયાં. મનમાં થયું કે નોકર સારો મળ્યો છે.

પછી ધોવાનાં ગાંસડો કપડાં હતાં. આ બધાં કપડાંની ત્રણ વિભાગમાં તારવણ કરી : એક સૌથી ઓછાં મેલાં કપડાં, પછી એથી જરા વધારે મેલાં કપડાં અને છેલ્લાં સૌથી વધુ મેલાં કપડાં. સાબુના પાણીમાં બધાં બાફ્યાં. પછી સૌથી ઓછાં મેલાં કપડાં પહેલાં ધોયાં, પછી એથી વધુ મેલાં હતાં તે ધોયાં અને છેલ્લે સૌથી વધુ મેલાં કપડાં ધોયાં. આ રીતે બધાં કપડાં ધોઈને સૂકવી દીધાં.પછી જે જગ્યાએ

કપડાં ધોતા હતા તે જગા વાંસની સળીના સાવરણાથી ધોઈ નાખી.

બાર-સાડા બાર વાગ્યે શેઠ જમવા આવ્યા. શેઠે અને ઘરનાં બીજાએ જમી લીધા પછી શ્રીમોટાને જમવા મળ્યું.

પાછો ફરીથી વાસણનો ઢગલો થયો. સવારની જેમ જ શ્રીમોટાએ બધાં વાસણ બરાબર માંજીને, ચકચકાટ કરીને સૂકવવા ગોઠવ્યાં. વાસણ ઘસેલી ચોકડી પાછી સારી રીતે ધોઈ નાખી.

આમ, બપોરના બે ઉપર થઈ ગયા. ત્રણ વાગ્યા પછી ચાપાણી થયાં. પાછાં તેનાં વાસણ માંજી નાખ્યાં. આખું ઘર સવારના તો વાળીને પોતું મારી સાફ કર્યું હતું. બપોરે પાછું ફરી વાર વાળી નાખ્યું, ત્યાં ચાર વાગ્યા. સૂકવેલાં બધાં કપડાંની ગડી કરીને જે તે સ્થાને મૂકી દીધાં. વચ્ચે વચ્ચે સમય મળે ત્યારે શેઠાણીનાં બાળકને તેડીને ફરે. મોટાં છોકરાંને વાતો કરીને રાજી કરે. આમ, સવારના આવ્યા ત્યારથી એમનું કામ ઘડિયાળની જેમ સતત ચાલુ જ હતું.

સાત વાગ્યા પછી જ્યાં પથારીઓ પાથરવાની હતી ત્યાં પાથરી દીધી. દરેક પથારી ઉપરની ચાદર એવી ખેંચીને પાથરી કે જોનારને લાગે કે પથારી સરસ પાથરી છે.

રાતે નવ વાગ્યા પછી બધાંએ જમી લીધું. શ્રીમોટા પણ જમ્યા અને પાછો વાસણનો ઢગલો ચોકડી ઉપર ખડકાયો. શ્રીમોટાએ સવારની જેમ એ જ ચીવટથી અને એ જ ખંતથી વાસણો ચકચકાટ ઘસીને નીતરવા ગોઠવી દીધાં. ચોકડી ધોઈ, રસોડું ધોયું અને પોતાથી લૂછી નાખ્યું. પછી વાસણ ગોઠવીને રસોડાનાં બારણાં આડાં કર્યાં.

શેઠાણીએ કહ્યું ત્યાં શ્રીમોટાએ પથારી પાથરી રાખી હતી. શ્રીમોટાને હવે કશું કામ ન હતું. ત્યાં તો ઘરનાં છોકરાં 'અમને વાર્તા કહો, વાત કહો', કરતા આવ્યાં અને શ્રીમોટાએ તેમને વાર્તાઓ કહી. આખરે છોકરાં પણ સૂવા ગયાં.

રાતના અગિયાર વાગી ગયા હતા. ઘરનાં બધાં જ સૂઈ ગયાં હતાં, ત્યારે શ્રીમોટા તેમની પથારીમાં બેઠાં બેઠાં ઈશ્વરસ્મરણ કરી રહ્યા હતા. ભગવાનનું નામ લેતાં લેતાં તેઓ ક્યારે સૂઈ ગયા તેની ખબર પડી નહિ, પરંતુ સવારે આંખ ખૂલી હશે ત્યારે ચારપાંચ વાગેલા. ઘરનાં કોઈ જાગ્યાં ન હતાં એટલે શ્રીમોટા બેઠાં બેઠાં ઈશ્વરસ્મરણ કરવા લાગ્યા.

છ વાગ્યે ઘરનાં મોટાં જાગ્યાં એટલે શ્રીમોટાએ ઊઠી એમની પથારી સંકેલી ઠેકાણે મૂકી દીધી અને દાતણપાણી કરી તેમને કરવાનાં નિત્યકામમાં પડી ગયા. ઘરનાંને શાંતિ હતી કે નવો નોકર સારો છે અને આપણે નહિ કહીએ તોય તેનું કામ કરશે.

આ રીતે શ્રીમોટાએ પાંચસાત દિવસ કામ કર્યું. તે ઉપરથી શેઠને લાગ્યું કે આ નોકર કામ કરનારો માણસ નથી, પણ ખરેખર આપદમાં આવી પડેલો માણસ લાગે છે. આથી, શેઠે શ્રીમોટાને ખાનગીમાં બોલાવી પૂછ્યું, 'ભાઈ, તું નોકરમાણસ લાગતો નથી,

**(અનુસંધાન પૃ. ૨૪ પર)**

## (૬) દુઃખમાંથી સુખ

**શ્રીઉપાસની બાબા**

શિરડીમાં હતો ત્યારે મારાથી જ્યારે સહન થાય નહિ એવી માનસિક કષ્ટની જ્યારે સ્થિતિ થઈ, ત્યારે મારે સાંઈબાબાને કહેવું પડ્યું કે 'મને જે કાંઈ ત્રાસ થાય છે, તે મારાથી સહન થતો નથી.' આવું કહ્યાથી તે બોલ્યા, 'હમણાં તને જેટલું કષ્ટ થાય છે તે સહન કર. આગળ એનાથી અનેકગણું સુખ જ સુખ છે. તારા સમાન સુખ છે કોનું ?' વગેરે સાંભળી લઈ હું મારે સહન કરતો પડી રહ્યો હતો.

કષ્ટથી પણ અત્યંત કષ્ટ જેમાં છે એવું દુઃખ હંમેશાં ભોગવતાં રહી જે મારો ભક્ત હશે, તે જ મારા પદે પહોંચી પુનઃ તેને જન્મ નથી. એવું શાસ્ત્રવિધાન છે.

મનુષ્ય જન્મમાં આવી સંસાર વહેવાર કરતાં ઐહિક સુખની બાજુ તો નથી જ, પરંતુ અનેક દુઃખ પરંપરા જ ભોગવતાં ભોગવતાં જીવથી મર્યા જેવો થઈ સ્વતઃ જ દુઃખરૂપ જ્યારે થઈ જાય છે અને તે વખતે પરમેશ્વરનો જ જેને ધ્યાસ હોય છે તે વખતે તે જ સુખ ભોગવવા લાયક એવા ઈશ્વરી શરીર રૂપે અખંડ સુખનો અધિકારી બને છે.

સંસારમાં આવી, સ્વધર્મને અનુસરી સત્કર્મ કરતાં રહી સંસાર અને ઐહિક સુખનો વ્યવહાર કરવો અને આમ કરતાં જે કષ્ટ આવે તે સહન કરી પરમેશ્વર સમાન સદ્‌ગુરુને છેવટ સુધી છોડવા નહિ.

આવા સંકટ સમયે બીજું કાંઈ ન મળે તો પાણી પીને કોઈપણ રીતે સમય કાઢી નાંખવો અને પ્રભુભક્તિમાં લાગી જઈ, પોતે જ પોતાની કર્મદશા પણ ભોગવી લેવી. વિષયોની આશા છોડવી પરંતુ **સંતચરણ સંગતિ ક્યારેય પણ ન છોડવી.**

પરમેશ્વરની ઈચ્છાથી જેને પરમેશ્વરી સુખની પ્રાપ્તિ થવાની હોય અને તે પણ સંસારનાં દુઃખો દ્વારા જ થવાની હોય તો તે દુઃખની ઉત્પત્તિનું કારણ પણ પરમેશ્વર જ હોય છે. પ્રલ્હાદ, હરિશ્ચંદ્ર વગેરે કે જેના ઉપર જે દુઃખના પ્રસંગો આવ્યા હતા. તે દુઃખનો પ્રવાહ પરમેશ્વરની બાજુએથી જ હતો. માટે તે દુઃખના પરિણામ રૂપે આગળ ઉપર પરમેશ્વરી સુખનો લાભ મળ્યો.

પરમેશ્વરના સંબંધમાં રહી સાત્ત્વિક વૃત્તિથી અનેક ભક્તિમાર્ગાદિ સત્કર્મો કરતા રહીએ તો આગળ ઈશ્વરી ખરા સુખ માટે ઈશ્વરી ઈચ્છાનું દુઃખ આવે છે. આવા દુઃખની નિશાની કઈ? તો કેટલાંએ દુઃખો કે સંકટોનો કંટાળો ન આવતાં તેમાં એક પ્રકારનો આનંદ જ હોય છે. આવા સમયે પરમેશ્વરના ગુણાનુવાદની પણ હોંસ થાય છે.

સ્વધર્મને અનુસરી ઈશ્વર સંબંધી કરેલા સત્કર્મોના યોગે આવનારાં દુઃખોને કૃત્રિમ દુઃખો સમજવાં નહિ, દામાજી પંત જેવાએ સરકારી ધાન્ય લૂંટવાની જે સત્ક્રિયા કરી, તે સત્ક્રિયા પરમેશ્વર સંબંધી હોવાથી તેના યોગે આવેલાં દુઃખ સંકટોને કૃત્રિમ સમજવાં નહિ.

બીજા લોકો જે દુઃખો ભોગવે છે તે તે તેમના દુષ્ટ કર્મોથી બનેલા પ્રારબ્ધયોગે તેમજ અનેક વિષય વાસનાના યોગે, પાપાચરણના યોગે આવેલાં હોય છે. વ્યવહારનાં દુઃખો કૃત્રિમ સમજવાં. એવાં દુઃખો પરમેશ્વરી ખરા સુખ માટે ઉપયોગી થતાં નથી. સુખભોગ લેવા આસક્ત થવું અને તે માટે ક્રિયા કરવી એ જ વ્યવહારમાં દુઃખોત્પત્તિનું કારણ બને છે. ❑

'ઉપાસની વાક્સુધા-૨', પ્ર. આ., પૃ. ૨૮૦

## (૭) માણસની માણસાઈ

**આચાર્ય વિજયરત્નસુંદરસુરિ**

સંપત્તિ, સુવિધા અને સુખ, આ ત્રણમાંથી એક પણ ચીજ એવી નથી કે જને આ સંસારનો એક પણ માણસ ઈચ્છતો ન હોય. આમ છતાં એક માણસ બીજા માણસને છૂટથી સંપત્તિ, સુવિધા અને સુખ આપવા તૈયાર નથી.

મને ભાવતા રસગુલ્લાં તમને ન પણ ગમતા હોય એ બને પણ પેટ ભરવાની મારી ઈચ્છા હોય અને તમારી એવી ઈચ્છા ન હોય એ તો ન જ બને ! હું તમને રસગુલ્લાં ન આપી શકું પણ મારી શક્તિ હોવા છતાં તમને પેટ પૂરતુંય જો નથી આપતો તો એનો અર્થ એટલો જ થાય કે હું તમારા પ્રત્યે કઠોર છું, ક્રૂર છું અને કાતિલ છું. તમે ભલે સંપત્તિ સહુને ન આપો, સુવિધાય ભલે તમે સહુને ન આપી શકો પણ જો તમે બીજાને સુખ આપી શકતા હોવ તો તેમાં કૃપણતા ન જ દાખવો.

એક ભક્તજન કહે, મહારાજ સાહેબ, અમારા ૨૫ માણસના સંયુક્ત કુટુંબના શિરછત્ર તરીકે મમ્મી છે. મમ્મીનો સ્વભાવ જતું કરવાની વૃત્તિ, સુખમાં સહુને સાથીદાર બનાવવાની ઉદારતા અને દુઃખમાં ભાગીદાર બનવાની તૈયારીવાળો છે. તેમાંયે વહુઓ અને નોકરો પ્રત્યે તો ગજબનાક વાત્સલ્ય.

અમે રોજ જમવા બેસીએ ત્યારે અમારી થાળીમાં રોટલી પર ઘી ચોપડાઈને આવે પણ ઘરનું કામ કરી રહેલા નોકરો જમવા બેસે ત્યારે એમની થાળીમાં રોટલી કોરી મૂકાય પણ ઘીની આખી લોટી એમની બાજુમાં મુકાઈ જાય. એમને પોતાના હાથે રોટલી પર જેટલું ઘી ચોપડવું હોય એટલું ચોપડવાની છૂટ. આ અંગે મમ્મીનું એમ માનવું છે કે નોકરોને આખો દિવસ કામો જ કરવાના હોય છે એટલે એમના શરીરને વધુ તાકાતવાન રાખવું જોઈએ અને એ માટે એમને પૂરતા પ્રમાણમાં ઘી આપવું જોઈએ.'

ગાડીના ગૅરેજને સાચવવાનું જેટલું મન થાય છે એટલું મન એ ગૅરેજની રોજ સાફસૂફી કરી રહેલા માણસને સાચવવાનું લગભગ નથી થતું. ઘરના બગીચાને લીલોછમ રાખવાનું જેટલું મન થાય છે એટલું મન એ બગીચાની માવજત કરી રહેલા માળીના હૃદયને લીલુંછમ રાખવાનું નથી થતું.

એક દુઃખ આશ્ચર્ય સર્જાયું છે. વિજ્ઞાનયુગના આજના માણસના મનનું કહો કે જીવનનું કહો એને વસ્તુ પર પ્રેમ કરવાનું મન થાય છે પણ વ્યક્તિનો તો ઉપયોગ કરવાનું જ મન થાય છે. માણસે વસ્તુનો કેવળ ઉપયોગ કરવાનો હતો અને વ્યક્તિને ચાહવાનો હતો પણ એણે વ્યક્તિનો ઉપયોગ કરી લઈને એની એ ઉપેક્ષા કરી રહ્યો છે જ્યારે વસ્તુ સાથે પ્રેમ કરતા રહીને એની ખાતર એ ગમે તેવી સરસ વ્યક્તિ સાથેય સંઘર્ષ કરી રહ્યો છે ! **વહેલી તકે પાછા ફરી જાઓ આ ગલત રાહથી.**

ઘરના કે ઑફિસના માણસોને અડધો કિલો જેટલી મીઠાઈ સદ્‌ભાવપૂર્વક આપો અને કહો કે, 'આ તારાં બાળકોને અને પરિવારને મારા તરફથી આ મીઠાઈ ખવડાવજે.' પછી જુઓ કેવો ચમત્કાર સર્જાય છે !

'માણસો'ની વચ્ચે રહેતો માણસ જો 'માણસાઈ' નહિ ટકાવી રાખે તો પછી એ માણસાઈના દર્શન કરવા જવાનું કોની પાસે રહેશે ? ગરીબોની આંખે જેમ મોતીયો આવી જાય છે એમ શ્રીમંતોની આંખે સંપત્તિનો 'કાળિયો' આવી ગયો છે. મોતીયામાં ઝાંખું દેખાવા લાગે છે. મોતીયાના ઈલાજ થઈ રહ્યા છે. 'કાળિયા'ના ઈલાજ કોણ કરશે ? કોણ કરાવશે ?

'સ્પર્શ', પ્ર. આ., પૃ. ૧૭૬ ❑

## (૮) સદ્‌ગુરુની મદદનો આધાર આપણા પોતાના પર અવલંબે છે

**શ્રીમોટા**

ગુરુભાવ જે રાખવાનો છે, તે તો પોતાના જીવનવિકાસના માર્ગમાં આપણને મદદ મળ્યા કરે તે માટે છે. ઉત્કટ ગરજ પ્રગટ્યા વિના તેવો ભાવ રાખવો મુશ્કેલ છે. જે રીતે સાધનામાં તમને મદદકર્તા થઈ પડે એ રીતે એ ભાવ પ્રેમપૂર્વક રાખવાનો છે.

ગુરુભાવ એટલે ગુરુ પોતે નહિ કે તેનું શરીર નહિ, પરંતુ જીવનનો વિકાસ થવાને જે ઉત્કટ તમન્ના પ્રગટેલી હોય છે, તેને એકાગ્ર ને કેંદ્રિત એકમાં કરી તેમાંથી પ્રેરકબળ પ્રાપ્ત કરવા જેનો લાભ લેવાનો છે તે. **મુખ્ય આધાર આપણા પોતાના ઉપર છે.**

કોઈ રાજાની પાસે કોઈ કંગાળ ભિખારી બેપાંચ રૂપિયા માગે તો વળી કોઈક તેનાથી ચડિયાતો તેનાથી વધારે માગે. એમ સાધકની પોતાની કક્ષા અને ભાવના ઉપર જે તે બધાનો સાચો આધાર છે. જો કોઈ સાધકને કોઈક પરમ ચેતનવંત, સમર્થ, સદ્‌ગુરુનો પોતાને આશરો છે એવું જ્ઞાનયુક્ત ભાન ઊગે ને રહ્યા કરે અને એવો અનુભવ થયા કરે તો એની આગેકૂચમાં સરળતા પ્રગટ્યા કરે છે. **'મારી પાછળ કોઈ જીવતોજાગતો સમર્થ બેઠેલો છે.'** એવી તેને હૂંફ મળ્યા કરે છે. આવું થતાં સાધકને સદ્‌ગુરુ ઉપર કૃતજ્ઞતાનો ભાવ પ્રગટે છે અને એમાંથી ભક્તિનું સ્વરૂપ પણ બદલાય છે.

**સદ્‌ગુરુની મદદનો આધાર કેવળ સદ્‌ગુરુ પર નથી, પરંતુ આપણા પોતાના ઉપર અવલંબે છે,** તે નક્કી જાણશો...શિક્ષણના અભ્યાસની સ્થિતિમાં કોઈ બે સાથે ભણનાર ખરેખરા મિત્ર હોય અને પછી છૂટા પડી જાય અને એક કરોડાધિપતિ થાય ને બીજો ખૂબ ગરીબ હોય, તોપણ જો બંને વચ્ચેની મૈત્રી ખરેખરી જામેલી ને જીવતી થયેલી હોય તો તેવા મિત્રની ઓથ અને હૂંફ આપણને ખરેખરી અણીને પ્રસંગે, મુશ્કેલીને પ્રસંગે મદદમાં આવી શકે છે. તેવી રીતે સદ્‌ગુરુ અને સાધક વચ્ચે હૃદય હૃદયનો એવો ભાવ પ્રગટી ગયેલો હોય છે, તો એવી મદદ મળવાની શક્યતા પણ પૂરેપૂરી હોઈ શકે છે.

પરંતુ આપણને બધાંને એવું દિલ પ્રગટેલું હું અનુભવતો નથી. આપણને પાસેનાનું એટલું બધું મહત્ત્વ જાગતું પણ નથી અને લાગતું પણ નથી. અંતેવાસીને તેના દિલમાં તેની પાસેનો કોઈ માણસ મહાવીર હોય, તોપણ તેને મહાવીર લાગતો નથી.

આપણી પાસે એવું જે કોઈ સ્વજન હોય તેના વિશેની અનેક પ્રકારની મડાગાંઠો, સમજણો ને માન્યતાઓ આપણા દિલમાં ભરાઈ પડેલી હોય છે. એટલે તેને સાચી રીતે સમજવા અને અનુભવવાને પૂરેપૂરી યોગ્ય લાયકાત હોતી નથી, તો પછી તેની કદર તો કેવી રીતે કરી શકીએ ?

અત્યારે અહીં હું 'શાંતિનિકેતન'માં છું એટલે કવિવર શ્રીટાગોરની એક પ્રાર્થના યાદ આવે છે. 'Let my love see You through the barrier of nearness.' સમીપતાના પડદામાંથી આરપાર મારો પ્રેમ તને જોઈ શકે એવું કર, એવી હે પ્રભુ ! મારી તને પ્રાર્થના છે. **પાસેપણું છે તે તો એક અંતરાયરૂપ પણ છે.**

આત્મનિષ્ઠને સમજવા તમારા મારા જેવા માટે એટલે કે જીવદશાવાળા જેઓ નજીક પરિચયવાળા છે, તેમને માટે તે મુશ્કેલ છે. આનાથી આપણી જીવનસાધનાનું કામ સરી શકશે એવું જ્યારે દિલમાં દિલથી આપણને લાગે ત્યારે આપણે એને વળગી શકીએ છીએ. પરંતુ આવી ગરજની સાથે હૃદયનો ભાવ જોડાયેલો હોય તો વિશેષ કામયાબ નીવડે.

'જીવન સંશોધન', પ્ર. આ., પૃ. ૨૦૪ ❑

## (૯) પૂજ્ય શ્રીમોટાનો રામનવમી ઉત્સવ, સુરત

તા. ૧૨-૪-૨૦૧૫,

યજમાન શ્રી કડીવાલા પરિવાર

# આમંત્રણ પત્રિકા

॥ હરિઃૐ ॥



**આત્મીય સ્વજનશ્રી,**

ચૈત્ર સુદ નોમ (રામનવમી) એ પૂજ્ય શ્રીમોટાનો ૭૭મો સાક્ષાત્કારદિન હોઈ, તે નિમિત્તે પૂજ્ય શ્રીમોટા તથા તેમની પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈબહેનોનો મિલન સમારંભ રવિવાર તા. ૧૨-૪-૨૦૧૫ના રોજ યોજવાનો અવસર અમોને પ્રાપ્ત થયો છે. આ મિલન સમારંભમાં આપ સૌને સપરિવાર-મિત્રમંડળ સહિત ઉપસ્થિત રહેવા હૃદયપૂર્વક આમંત્રણ પાઠવીએ છીએ, જે સ્વીકારી ઉપકૃત કરશોજી.

**: સ્નેહાધીન :**

| | |
|---|---|
| સ્વ. ઈશ્વરલાલ વ્રજદાસ કડીવાલા | ચેચરબેન ઈશ્વરલાલ કડીવાલા |
| શ્રી પ્રકાશચંદ્ર ઈશ્વરલાલ કડીવાલા | હસુમતીબહેન પ્રકાશચંદ્ર કડીવાલા |
| શ્રી મીહીર પ્રકાશચંદ્ર કડીવાલા | દીપ્તિબહેન મીહીર કડીવાલા |
| શ્રી દીવ્યકાંત પ્રકાશચંદ્ર કડીવાલા | નીરલાબહેન દીવ્યકાંત કડીવાલા |
| શ્રી ચેતનકુમાર ભરતભાઈ ચોરાવાલા | ક્ષમાબહેન ચેતનકુમાર ચોરાવાલા |

**: મિલન સમારંભ તથા ઉતારાનું સ્થળ :**

**સુરતી મોઢ સમસ્ત પંચની વાડી, રૂઘનાથપુરા, બમનજી સ્ટ્રીટ, સુરત**

**વિજ્ઞપ્તિ :** તા. ૧૧-૪-૨૦૧૫, શનિવારે સાંજે બહારગામથી આવનાર અને ઉતારા સ્થળે રહેવા ઈચ્છનાર સ્વજનોએ આપ કેટલાં સ્વજનો પધારશો, તે તા. ૭-૪-૨૦૧૫ સુધીમાં નીચેના સરનામે પત્ર/ટેલિફોન દ્વારા જાણ કરવા વિનંતી છે.

(૧) **શ્રી ક્રિષ્ણકાંત એસ. છત્રપતિ**-૨૧, બૅંક ઑફ ઇન્ડિયા સોસાયટી, નવયુગ કૉલેજ પાસે, રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ફોન : (૦૨૬૧) ૨૭૮૪૩૯૮, (મો.) ૦૮૮૬૬૬૦૧૪૮૬

(૨) **સનમુખલાલ સાકેરલાલ જીનવાલા**-૪૪, નીલમ સોસાયટી, શારદાયતન સ્કૂલની ગલીમાં, ઉમરા, સુરત (મો. ૦૯૩૭૪૧૭૭૮૮૮)

(૩) **પ્રકાશચંદ્ર ઈશ્વરલાલ કડીવાલા**-૨-૧૭૦૦, ઝંડાશેરી, સગરામપુરા, સુરત-૩૯૫૦૦૨, મો. ૦૯૮૨૫૩૮૩૩૧૦

**: કાર્યક્રમ :**

**તા. ૧૧-૪-૨૦૧૫, શનિવાર**

સાંજે ૬.૦૦ થી ૮.૦૦ હરિઃૐ ધૂન (લવાછા મંડળ)

રાત્રે ૮.૧૫ થી પ્રસાદ

**તા.૧૨-૪-૨૦૧૫, રવિવાર**

સવારે ૭.૩૦ થી ૮.૦૦ હરિઃૐ ધૂન, શ્રી જયંતીભાઈ જાની

૮.૦૦ થી ૮.૪૫ : સમૂહ પ્રાર્થના, આરતી

૮.૪૫ થી ૧૦.૦૦ : ભજનો- ગણેશ ગ્રુપ

૧૦.૦૦ થી ૧૧.૦૦ : પ્રવચન-શ્રી રૂપસિંહ સોલંકી

૧૧.૦૦ થી ૧૧.૩૦ : ગુરુવંદના

૧૧.૩૦ થી પ્રસાદ

# (૧૦-અ) પૂજ્ય શ્રીમોટાનું ગુરુકાર્ય - (૨)

હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય'

*(જાન્યુઆરી, ૨૦૧૫માં આવેલ લેખના અનુસંધાને-સંપાદક)*

આ બાબતને આપણે એક કરતાં વધારે બાજુએથી સ્પષ્ટ કરી શકીએ છીએ, (૧) પૂજ્ય મોટાએ સાધકોના કોઈ દીક્ષાસમારોહ કે સાધનસમારંભો યોજ્યા નથી. તેમને મન સાધના એ કોઈ જાહેર બહિરંગ કવાયત નહોતી. તે સાધનાને દરેક સાધકની પોતાની વ્યક્તિવિશિષ્ટ અંતરંગ પ્રક્રિયા સમજતા હતા. તેથી પોતાની પાસે આવનાર શ્રેયાર્થીઓમાંથી જેને જેવી જરૂર હોય તેને તેવી રીતનું આંતરિક માર્ગદર્શન તેઓ પૂરું પાડતા હતા. તેઓ જાણતા હતા કે સાધકની ગમે તેટલી શુભનિષ્ઠા હોય તે છતાં તેનો અંગત સાંસારિક પરિવેશ તેને માટે સાધનાનું યથાયોગ્ય અનુકૂલન પૂરું પાડવામાં ઊણો ઉતરતો હોય છે. તેથી તેની સાધના જરૂરી બળ પકડી શકતી નથી હોતી. આ સંજોગોમાં સાધકોને તેમની સાધનામાં અત્યંત સશક્ત અનુકૂલન પૂરું પાડી શકે, વધારાનું બળ પૂરું પાડી શકે, અંદરના હઠીલા અંતરાયોને નિવારવામાં નક્કર નિર્ણાયક મદદ પૂરી પાડી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવાની તાતી જરૂરિયાત તેમને લાગી હતી. એ અન્વયે તેમણે મૌનમંદિરો સ્થાપ્યાં. આગળ કહી તેવી મદદ સાધકોને મળી હોવાની પ્રતીતિ તેમનાં મૌનમંદિરોએ આપી છે. પૂજ્ય મોટાનો મૌનમંદિરોનો પ્રયોગ એવો તો સફળ અને લોકપ્રિય નીવડ્યો છે કે ત્યારબાદ અન્ય કેટલાક મંદિરપરિષરોમાં અને આશ્રમોમાં પણ એવી સાધના કુટીરોની વ્યવસ્થા ઊભી કરેલી જોવા મળે છે. (૨) પૂજ્ય મોટાનાં મૌનમંદિરો રોકડો અનુભવ કરાવનારા પ્રયોગમંદિરો છે. કશા પણ સવાલ જવાબ કર્યા વિના ગુરુનું કહ્યું માની લઈને, ઊંધું માથું ઘાલીને તેનું અનુસરણ કરવાનો માર્ગ એ મોટાનો માર્ગ નથી. તેઓ હંમેશા સલાહ આપતા કે જાતે પ્રયોગ કરો અને ખાતરી મેળવો સાધનાની પૂર્વશરતોને અને સાધનાની પ્રક્રિયાની નાનીમોટી વિગતોને તેમણે બૌદ્ધિક રીતે તર્કશૃંખલાથી સ્પષ્ટ કરી આપી છે. નામસ્મણ, મંત્રજપની અસરોને તેમણે બુદ્ધિપૂર્વક સમજાવી છે. તેમને અર્વાચીન શિક્ષણનો, અર્વાચીન તર્કસંગત માનવતાવાદી સામાજિક વિચારધારાઓનો અને તત્સંબંધી આંદોલનોનો સીધો લાભ મળ્યો હોવાને કારણે તેમની આધ્યાત્મિક વિચારણા બૌદ્ધિકતા અને વૈજ્ઞાનિકતાના રંગે રંગાયેલી જોવા મળે છે, તેમજ તેમનામાં કુશાગ્ર વિચારક અને હિંમતબાજ સાહસિકતનો સમન્વય થયેલો દેખાય છે.

(૩) સાધક તરીકેનું જીવન શરૂ કરતાં પહેલાં જ પૂજ્ય મોટા ગાંધીજીના પ્રભાવ હેઠળ અને સંપર્કમાં આવ્યા હતા. અને તેમનાં લોકસેવાનાં કાર્યોમાં જોડાયા હતા. પૂજ્ય મોટાના નિઃસ્વાર્થતા, નિર્ભીકતા, નિખાલસતા, સેવા પરાયણતાના ગુણોના વિકાસ પર ગાંધીજીનો પણ ખાસ્સો પ્રભાવ હોઈ શકે છે. હરિજનસેવક

હોવાને નાતે તેઓ આપણી છૂતાછૂતની પ્રણાલિકાગત માન્યતાઓને ગાંઠે તેવા નહોતા. આથી શૌચાશૌચની રૂઢિઓના ચુસ્ત પાલનમાં માનનારા આપણા સાધુસંન્યાસીઓના કરતાં તેમની કાર્યશૈલી જુદી પડી જાય તેવી છે. બાહ્યાચારના પાખંડને બદલ આંતરિક શુચિતા ને સચ્ચાઈ પર તેમનો વધારે ઝોક હતો. એક સમયે તેમણે એક મહિલાનો તેના અશૌચકાળ દરમિયાન વિવાહ વિધિ સંપન્ન કરાવેલો એ પ્રસંગ આ દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવો છે. (૪) **પૂજ્ય મોટા સાધનાધર્મી બન્યા તે પછી પણ જીવનધર્મી રહ્યા હતા. જીવનમાં પ્રાપ્ત થયેલાં વ્યવહારનિમિત્તોને સાધનાના હેતુ માટે વાળતા જવાની શીખ તેમણે આપી હતી. તેમણે સાધનાને જીવનથી ભાગવાની નહિ પણ જીવનને વિકસાવવાની પ્રક્રિયા તરીકે જોવાનો અનુરોધ કર્યો હતો. ગુણભાવની વૃદ્ધિ વિના, પ્રકૃતિના રૂપાંતર વિના જીવનવિકાસ શક્ય નથી અને ગુણભાવની વૃદ્ધિ માટે તથા પ્રકૃતિના રૂપાંતર માટે સંસારજીવન કરતાં વધારે... હાથવગી અને યોગ્ય પ્રયોગશાળા બીજી કઈ હોઈ શકે ?** સાધક બન્યા એટલે ઈશ્વર સાથે નાતો જોડાવા માટે સંસાર કે સમાજ સાથેનો નાતો તોડવો રહ્યો એવી માન્યતા પૂજ્ય મોટાની નહોતી. સાક્ષાત્કારી બન્યા પછી પણ તેમણે સમાજસેવાનું વ્રત છોડ્યું નહોતું. તેમનો એ તર્ક વાજબી હતો કે વ્યક્તિ વિકાસ માટે સમાજવિકાસ જરૂરી છે. સમાજ જ જો કમજોર હોય તો તે તંદુરસ્ત વ્યક્તિવિકાસ માટેની જરૂરી ભૂમિકા કેવી રીતે પૂરી પાડી શકે ? સહજપણે પ્રાપ્ત થયેલું સમાજસેવાનું કાર્ય પણ તેમને માટે તો સાધક તરીકેના જીવનવિકાસનું જ એક મહત્ત્વનું અંગ હતું. એટલે જ તેમણે શક્ય તે 'પરસેવા' 'પ્રભુસેવા' તરીકે કરવાની સલાહ શ્રેયાર્થીને આપી હતી અને સમાજને બેઠો કરવાનો સંકલ્પ પોતાને માટે કર્યો હતો. એમને માટે ભગવાન જીવનથી અને સમાજથી અલગ નહોતો. તેમનાં ઘણાં પુસ્તકોના નામમાં થયેલો 'જીવન' શબ્દનો પ્રયોગ આ દૃષ્ટિએ નોંધવા જેવો છે. (૫) પૂજ્ય મોટાએ જીવન અને સાધનાનાં વિવિધ પાસાં વિશે વિપુલ પ્રમાણમાં લખ્યું છે. એમનું એ ચિંતન કોરા બુદ્ધિવ્યાપારની નીપજરૂપે થયું નથી પરંતુ શ્રેયાર્થીઓને માર્ગદર્શન આપવાના આશયથી પત્રલેખનરૂપે અને પ્રશ્નોત્તરરૂપે થયું છે. એમનાં બધાં ગદ્ય-પદ્ય લખાણોમાં એમની શ્રેયાર્થીઓ માટેની નિસબતનાં દર્શન થાય છે. એમના ચિંતનમાં અવારનવાર પ્રગટ થતી જણાતી તેમની મૌલિકતા પરત્વે પણ ધ્યાન દોરવા જેવું છે. 'જીવનગીતા'માં તેમણે અર્જુનની સંગ્રામકાલીન મનોદશાને સંદર્ભે કરેલું વિસ્તૃત વિવરણ 'ગીતા'ના પ્રયોજનની ભૂમિકાને સમજવાનો અવકાશ તો પૂરો પાડે જ છે પણ સાથોસાથ જીવનવિકાસ માટે જીવનસંઘર્ષની મહત્તાને પણ પ્રતીકાત્મક રીતે સમજવાનો અવકાશ પૂરો પાડે છે... 'દ્વંદ્વાતીતં...ભાવાતીતં ત્રગુણરહિતં સદ્ગુરું તં નમામિ'માં નિર્દેશ્યા પ્રમાણે તેઓ ભગવાનને 'ત્રિગુણરહિત' માનવાની ના પાડે છે. 'ત્રિગુણરહિત'ને બદલે તેઓ 'દ્વંદ્વાતીત', 'ભાવાતીત'ની જેમ ત્રિગુણાતીત વિશેષણની

યોગ્યતા વધુ હોવાનો પોતાનો મત દર્શાવે છે. તેમનો તર્ક એ છે કે ભગવાને ત્રિગુણાતીત કહી શકાય પણ તે ત્રિગુણરહિત છે એણ કેવી રીતે કહી શકાય ? આમ અર્થૌચિત્યની દૃષ્ટિએ તેમણે એક જાણીતા શ્લોકની શબ્દયોજના પરત્વે પોતાની અસંમતિ પ્રગટ કરી હતી. 'ગીતા'ના 'સર્વધર્માન્ પરિત્યજ્ય...'માં નિર્દેશેલા 'સર્વધર્મો' તે કયા? તેમણે ઉત્તર આપ્યો હતો કે શ્રેયાર્થીને શ્રેયઃ માર્ગમાંથી વિચલિત કરનારા તેની વ્યક્તિગત પ્રકૃતિના જે ગુણધર્મો હોય તે. જિજ્ઞાસુને ઉત્તર આપતી વખતે પૂજ્ય મોટા ચીલાચાલુ સંદર્ભોનો હવાલો આપીને છૂટી જવાને બદલે પોતાના આગવા વૈચારિક પરપ્રેક્ષ સાથે સુસંગત હોય તેવા નવીન અર્થસંદર્ભો યોજવાની સૂઝ દાખવતા હોવાનું એ દૃષ્ટાંત છે. ઈષ્ટસિદ્ધિ માટે ખાસ ધર્મગ્રંથોનાં પારયણો અને સ્તોત્રોના પાઠ કરવાની એક રૂઢિ આપણે ત્યાં છે. પૂજ્ય મોટા માનતા કે સ્તોત્ર વા ગ્રંથમાં નિરૂપિત અને સંસ્તુત થયેલા દૈવત પ્રત્યે ઉત્કટ પ્રેમ-ભક્તિપૂર્વકની જીવતીજાગતી ભાવદશાવાળી ભૂમિકા ઉત્પન્ન થયેલી ન હોય ત્યાં સુધી એવાં યાંત્રિક ગ્રંથપારાયણો કે સ્તોત્રપાઠોથી કશું વળી શકે નહિ. પૂજ્ય મોટાની સાક્ષાત્કાર વિશેની વિભાવના પણ વિલક્ષણ છે. ઉપાસ્ય દૈવતના ગુણોનો સાધકમાં સહજ આવિર્ભાવ થવા લાગેલો અનુભવાય તેને અથવા સાધક વડે દ્વંદ્વાતીતપણે કે ગુણાતીતપણે નિરંતર ભગવદ્‌ભાવમાં પ્રવર્તવાનું બની રહે તેને તેની સાક્ષાત્કાર દશાના દ્યોતક તરીકે ગણી શકાય. શ્રીભગવાનની શક્તિને શ્રેયાર્થી પ્રત્યક્ષપણે પોતાનામાં કામ કરતી અનુભવવા લાગે ત્યારે તેનો સાક્ષાત્કારની ભૂમિકામાં પ્રવેશ થયો છે તેમ માની શકાય. જીવનમરણના ફેરામાંથી મળતો છુટકારો એટલે જ 'મુક્તિ'નો અર્થ પૂજ્ય મોટા માટે નથી. જીવને નિમ્નદશામાં ખેંચતી વૃત્તિઓમાંથી સર્વથા છૂટવું, 'પુરુષ'ની સહજ-સ્વતંત્ર ઇચ્છાને 'પ્રકૃતિ' પર સ્થાપિત કરીને નિત્યપ્રવર્તમાન બનાવવી, 'માયાનું' ચોમાસું ચરીને માતેલા બનેલા 'જીવરૂપી' આખલા પર 'શિવ'ને સવાર કરવો એ સાચી 'મુક્તિ' છે.

પૂજ્ય મોટાનું ગુરુકાર્ય સ્થૂળ મુલાકાતો અને પત્રલેખનની ભૂમિકાએથી સૂક્ષ્મ આંદોલનોને સંચારિત કરવાની ભૂમિકા સુધી વિવિધ સ્તરે પ્રવર્ત્યું છે. વિચારની સ્થૂળ ગાંઠોને છોડવા માટે સવાલ-જવાબ કામના છે, તો ભીતરનાં લક્ષ્ય-અલક્ષ્ય સંસ્કારોનાં પડ તોડવા માટે સૂક્ષ્મ આંદોલનો કામનાં છે. પૂજ્ય મોટા કહેતા કે મૌનમંદિરમાં સાધના કરતા શ્રેયાર્થીના અનિષ્ટ સંસ્કારોનાં પડ તૂટે છે અને નવા સબળ સ્થાયી ઈષ્ટ સંસ્કારો તેના આધારમાં પડે છે. પૂજ્ય મોટાના કૃપાસંચારને માટે કોઈ ભૌગોલિક અંતરો અંતરાયરૂપ નહોતાં. તેમણે શ્રેયાર્થી તરીકે અને સાક્ષાત્કારી તરીકે પુષ્કળ ચિંતન કર્યું છે. સાક્ષાત્કારી થઈને તે 'શૂન્ય' મનસ્ક કે 'અમનસ્ક' બનીને રહી ગયા નથી. સમાજ-કલ્યાણ માટે અને સ્વજનોના શ્રેય માટે તેમણે તેમની વિચારપ્રક્રિયાને સતત જીવતીજાગતી નિસબત સાથે સંકોર્યે રાખી છે. આથી તેમની વિચારપ્રક્રિયા જીવ-જગત માયાના 'એકેડેમીક'

પ્રશ્નોના ચૂંથણામાં પડવાને બદલે મોટે ભાગે શ્રેયોમાર્ગનાં વ્યવધાનોના નિવારણ અને શ્રેયોમાર્ગની આવશ્યકતાઓની પરિપૂર્તિને લગતી ઝીણામાં ઝીણી બાબતોના અત્યંત વિશદ વિવરણમાં રમતી રહી છે. તદનુષંગે સાત્ત્વિક બાબતો પર પ્રકાશ પાડવાનું નિમિત્ત ઊભું થાય તો તેમણે એવો પ્રકાશ પણ વિચારોની સ્પષ્ટતા અને ચોકસાઈ સાથે પાડ્યો છે. એમની વિચારણામાં રહેલી મૌલિક દૃષ્ટિનાં માત્ર થોડાંક જ ઉદાહરણોને આગળના પરિચ્છેદમાં કેવળ અછડતો સ્પર્શ કર્યો છે. અવાં બીજાં સંખ્યાબંધ ઉદાહરણોને તારવી આપી શકાય. પૂજ્ય મોટાની સ્વજનો માટેની સહાનુભૂતિ એટલી તો તીવ્ર હતી કે સ્વજનોના વ્યાધિઓ આપોઆપ જ એમના શરીરમાં સંક્રાંત થતા હતા. સ્વજનો એમને પોતાના ભગવાન ન માને તો જ નવાઈ. પૂજ્ય મોટા પણ એક બાજુ 'ગુરુ' ને તેના 'શિષ્ય' માટે ઈશ્વર સદૃશ જ ગણવાની ભલામણ કરતા. પણ બીજી બાજુ તેઓ કહેતા કે 'ગુરુ' તો તેના 'શિષ્ય' માટે એક સાધનરૂપ જ છે. ગુરુ સ્વયં પોતાના શિષ્ય માટે સામેથી સક્રિય બને એ શક્યતાને તેઓ સાવ નકારતા નહોતા, પણ સાથોસાથ 'મડદા' જેવા ગુરુને 'જીવતો' કરવાની અને તેની ચેતનાને પોતાના આધારમાં સક્રિય કરવાની બધી જવાબદારી તેઓ શ્રેયાર્થીની ઉત્કટ તમન્ના પર જ મૂકતા હતા. (પૂર્ણ)

'અર્ઘ્ય', પ્ર. આ., પૃ. ૬૦ માંથી સાભાર ❑

## (૧૦-બ) પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન રામનવમી ઉત્સવ, મુંબઈ:તા.૨૯-૩-૨૦૧૫

પૂજ્ય શ્રીમોટા હરિઃૐ સત્સંગ મંડળ, મુંબઈ ૩, અલ્કા ગ્રાઉન્ડ ફ્લોર, દાદાભાઈ રોડ, વિલેપારલે (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૫૬, ફોન-૦૨૨-૨૬૨૮૧૦૧૮, મો. ૦૯૮૨૦૧૪૪૩૭૯ દ્વારા તા. ૨૯-૩-૨૦૧૫ને રવિવારના રોજ પૂજ્ય શ્રીમોટાનો સાક્ષાત્કારદિન રામનવમીનો ઉત્સવ યોજાશે.

**સ્થળ :** સંન્યાસ આશ્રમ મંદિર, સંન્યાસ આશ્રમ માર્ગ, વિલેપારલે (વેસ્ટ) મુબઈ-૪૦૦૦૫૬

**કાર્યક્રમ :**

**તા.૨૯-૩-૨૦૧૫, રવિવાર**

૮.૧૫ થી ૮.૪૫ હરિઃૐ ધૂન-લવાછા મંડળ
૮.૪૫ થી ૯.૦૦ : ગુરુચરણે સ્વાગત નૃત્ય
૯-૦૦ થી ૯-૪૫ : સમૂહ પ્રાર્થના, આરતી
૯.૪૫ થી ૧૧.૧૫ : ભજનો-કલ્પના ભરત, ભાવિક પટેલ, જયદેવ ગોસાઈ
૧૧.૧૫ થી ૧૨.૧૫ : વક્તવ્ય-પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ
૧૨.૧૫ થી ૧૨.૪૫ : ગુરુવંદના
૧૨.૪૫ ૨-૦૦ પ્રસાદ

**સમારંભ સંપર્ક :**

(૧) મહાદેવ દેસાઈ, મો. ૦૯૮૯૨૩૩૧૫૫૬
(૨) દિનેશ વડોદરીયા, મો. ૦૯૮૨૧૦૭૯૦૧૪
(૩) અરુણ જાની, મો. ૦૯૦૦૪૫૪૦૨૫૬
(૪) બિપીન પટેલ, મો. ૦૯૩૨૪૯૦૧૪૭૩
(૫) મનીષ ભાવસાર, મો. ૦૯૮૨૦૫૭૩૭૨૭
(૬) કલ્પનાબહેન વકીલ, મો. ૦૯૮૨૦૬૬૨૩૦૮
(૭) ચંદુભાઈ શાહ, મો. ૦૯૩૨૨૪૧૭૧૭૪

**આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ છે.**

❑

## (૧૧) મહાજન શક્તિદળની પ્રવૃત્તિઓનો અહેવાલ

સ્નેહાબહેન પટેલ

પૂજ્ય શ્રીમોટા પ્રેરિત મહાજન શક્તિદળ દ્વારા બહેનોના સર્વાંગી વિકાસ માટે તાલીમ શિબિર, ચેસ સ્પર્ધા, કરાટે સ્પર્ધા, વૉલીબોલ સ્પર્ધા, કબડ્ડી સ્પર્ધા જેવી, માત્ર બહેનો માટે જ ગત વર્ષમાં જે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરાયું તેનો આ ટૂંક અહેવાલ છે.

**તાલીમ શિબિરો :** સ્વરક્ષણ (સેલ્ફ ડીફેન્સ), કરાટે, જૂડો, યોગાસન વગેરેની તાલીમ શિબિરો.

(૧) વસંત નેચર ક્યોર, થલતેજ, અમદાવાદમાં ૩૫ બહેનોએ ભાગ લીધો હતો. (જૂન-૨૦૧૪) (૨) વસ્ત્રાપુર, અમદાવાદની પ્રાથમિક અને માધ્યમિક શાળા ખાતે ૧૦૮ તાલીમાર્થીઓએ લાભ લીધો હતો (જુલાઈ-૨૦૧૪) (૩) આનંદ વિદ્યાલય, માનસી ટાવર, અમદાવાદ ખાતે ૧૧૨ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. (ઑગસ્ટ-૨૦૧૪)

**ચેસ સ્પર્ધા :** તીર્થ ચૅસ કલબ, દાંડી બ્રીજ પાસે, અમદાવાદ ખાતે તા. ૨૩-૧૧-૨૦૧૪ના રોજ 'ઓપન ચૅસ સ્પર્ધા' ધો. ૫ સુધી, ૬ થી ૮ અને ૯ થી ૧૨ તેમજ ખુલ્લો વિભાગ એમ ચાર વિભાગમાં યોજાઈ હતી. જેમાં ચાલીસ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

**કરાટે સ્પર્ધા :**

બાલ્કની જી બારી, નડિયાદ ખાતે તા. ૩૦-૧૧-૨૦૧૪ના રોજ કરાટે સ્પર્ધા યોજાઈ હતી. અમદાવાદ, ખેડા, ગાંધીનગર, આણંદ, મહેસાણા જિલ્લાઓમાંથી ૨૫૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધકના વજન પ્રમાણે વિવિધ ગ્રુપ પાડવામાં આવ્યા હતા. સાઉથ એશિયા વિભાગના ચીફ ઇન્સ્ટ્રક્ટર શ્રી કમલેશભાઈ પટેલ દ્વારા આ સ્પર્ધાનું સુચારું સંચાલન થયું હતું.

**વૉલીબોલ સ્પર્ધા :** ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળાના શ્રી છોટુભાઈ પુરાણી પરિસર ખાતે તા. ૭-૧૨-૨૦૧૪ના રોજ આ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં રાજપીપળા ઉપરાંત રાજકોટ, સુરત, વડોદરા વગેરે જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો.

**કબડ્ડી સ્પર્ધા :** શ્રી સ્વામી વિદ્યાનંદ કેળવણી ટ્રસ્ટ, વડોદરા ગીતા મંદિરના ડૉ. કુ. ગીતાબહેન શાહના નિમંત્રણ અન્વયે તા. ૧૪-૧૨-૨૦૧૪ના રોજ યોજાયેલ આ સ્પર્ધામાં અમદાવાદ, વડોદરા, આણંદ, ખેડા, નડિયાદ, રાજકોટ, સુરત વગેરેની ૨૩ ટીમોએ ભાગ લીધો હતો.

**નિબંધ સ્પર્ધા-વક્તૃત્વ સ્પર્ધા :** નવજીવન હાઈસ્કૂલ, પોલો ગ્રાઉન્ડ, વડોદરા ખાતે તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ યોજાયેલ આ સ્પર્ધામાં એકસો જેટલા સ્પર્ધકો હતા.

ઉપરોક્ત તમામ સ્પર્ધાઓમાં સામાન્ય રીતે ચાનાસ્તા તથા ભોજનનો સહયોગ જે તે સંસ્થા દ્વારા અપાય છે, જરૂર હોય ત્યાં ઉતારાની પણ વ્યવસ્થા કરાય છે. મહાજન શક્તિદળ દ્વારા સ્પર્ધકોને તેમના સ્થળેથી સ્પર્ધાના સ્થળે આવવા-જવા પેટે એક વખતનું ભાડું ચૂકવાય છે. મહાજન શક્તિદળના પદાધિકારીઓ ઉપરાંત પૂજ્ય શ્રીમોટા સ્થાપિત હરિઃૐ આશ્રમ, નડિયાદ, સુરતનો, હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ અને હરિવાણી ટ્રસ્ટ અમદાવાદનો સાથ-સહકાર પ્રાપ્ત થાય છે. નામી-અનામી દાતાઓ તરફથી પણ આર્થિક સહયોગ મળતો રહે છે. આ કાર્યમાં જેમનો સાથ-સહકાર-સહયોગ અમોને મળેલો છે તે સર્વના અમો ખૂબ ખૂબ આભારી છીએ. ❑

# (૧૨) ચેતનાનિષ્ઠનો સંબંધ નિમિત્ત-આધારિત છે

**શ્રીમોટા**

સને ૧૯૨૧ની આખરમાં મેં દેશની આઝાદીની લડતમાં ઝંપલાવેલું. ત્યારે ભગવાનના માર્ગનો મને બિલકુલ કોઈ ખ્યાલ નહિ. હું તો તે કાળે એમ માનતો કે આ બધા સાધુ-મહાત્માઓ છે તે Economic burden on the society છે-આર્થિક રીતે સમાજના ઉપર આ લોકો ભારરૂપ છે. એમ હું માનતો અને સાચે જ એમ માનતો.

તેમ છતાં એક સાધુએ આવીને મને પકડ્યો. હું તો નડિયાદમાં હઉં અને એ રહે અમદાવાદમાં. એનું શરીર બંગાળનું હતું. અમદાવાદમાં એલિસબ્રીજ છે-ત્યાંથી સામે ટાઉનહૉલ તરફ જઈએ તો જમણા હાથ ઉપર નદીમાં એ બેસી રહેતા. ઘણા લોકો એની પાસે જતા-આવતા. દિવસમાં વીસ-પચીસ વાર એ કહે કે નડિયાદથી ચૂનીલાલ ભગતને બોલાવો.

યોગાનુયોગ નડિયાદના નાનુભાઈ કંથારીયા કરીને હતા તે ત્યાં ગયેલા. એમણે મને વાત કરેલી. મેં પહેલાં તો કહેલું કે મારે ને સાધુને શું કામ છે ? હું નહિ ગયેલો. પણ આખરે એણે મને ખેંચેલો એમ મારે કહેવું જોઈએ.

ત્યારે પરાપૂર્વનો એક સંબંધ છે. હું એને ન ઓળખું. એ મને ન ઓળખે. આ સોએ સો ટકાની સાચી વાત છે. ત્યારે એવા માણસો પરાપૂર્વથી સંકળાયેલા હોય એ પરાપૂર્વનો જે સંબંધ છે, એની સાંકળ છે તે આપણે જાણતા હોતા નથી. આ મારા જીવનનો જ બનેલો પ્રસંગ છે.

એ જાણતો હતો મને, હું એને જાણતો નહોતો. એટલી બધી એને ગરજ. એને ગરજ હતી તે પાછો નડિયાદ આવ્યો અને મને initiate-દીક્ષિત કર્યો. પહેલી વખત એ બે-સવાબે મહિના રહ્યા. બીજી વખતે દોઢ મહિનો અને ત્રીજી વખતે એક મહિનો એ મારી સાથે રહ્યા. આ બાળયોગી એ મારા ગુરુમહારાજ શ્રીકેશવાનંદજી-શ્રીધૂણીવાળા દાદાજીના શિષ્ય હતા. એમણે જ મોકલેલા.

ત્યારે આવા પુરુષોનો જે સંબંધ છે એ નિમિત્તનો છે. અને નિમિત્તની એક પરંપરા છે અને એ નિમિત્તના કારણે આપણે ભેગા થયેલા છીએ. હું તમને મળેલો છું, તમે મને મળેલા છો. મારા જીવનના કેટલાય બીજા દાખલાઓ હું તમને આપી શકું.

...તમે મારા માટે ભાવના પ્રગટાવો તો સારું છે. મારે તો હજુ કશું નથી. પ્રગટાવો કે નહિ પ્રગટાવો તો મારે તો જે સંબંધ છે તે છે. તમારી સાથેનો મારો સંબંધ કદી ગમે તે થાય તોપણ એ એવો ને એવો જ રહેવાનો છે.

આજે મારો સંબંધ છે એ ભગવાનનો આપેલો છે. હું કંઈ નંદુભાઈને શોધવા ગયો નહોતો. અથવા નંદુભાઈને કહેવા નહોતો ગયો કે ભઈ, તું મારી પાસેથી આ વિદ્યા શીખ. કોઈની સાથે હું સંબંધ ખોળવા ગયો નથી. આપમેળે મળ્યા છે, કોઈ ઠેકાણે તમે પૂછો. સુરતમાં હું બિલકુલ અજાણ્યો. તદ્દન અજાણ્યો. નડિયાદ તો મારા શરીરનું ગામ એટલે બધાને જાણું કરું. પણ નડિયાદમાંયે હું કોઈ દિવસ શહેરમાં ગયો નથી.

મને એટલી બધી ખાતરી છે કે પ્રારબ્ધને કારણે જેની જેની સાથે મારે નિમિત્ત છે તે મને મળવાના જ છે. પછી જો હું પ્રયત્ન કરું તો હું મિથ્યા ઠરી જઉં આપમેળે.

'શ્રીમોટા વાણી-૩', બી. આ., પૃ. ૩૩ માંથી સાભાર ❑

## (૧૩) સદ્‌ગત શ્રી મધુકરભાઈને નમન

**પ્રભુદાસ જાની**

(પૂજ્ય શ્રીમોટાના નડિયાદના સ્વજન શ્રી મધુકર લ. પટેલનો તા. ૭-૨-૨૦૧૫ના રોજ અમદાવાદ મુકામે દેહાંત થયો છે. તેમના ધર્મપત્નીનું નામ માલતીબહેન એટલે સ્વજનોમાં **'મધુમાલતી'**ના હુલામણા નામે જાણીતા હતા. તેઓના જીવનપથમાં સામાજિક, કૌટુંબિક, આર્થિક, વ્યાવસાયિક વગેરે પ્રકારની અનેક ઘટનાઓ બની છે. પરંતુ પૂજ્ય શ્રીમોટા સાથેના તેમના સંપર્ક અને સંસ્મરણો અંગે તેઓશ્રીએ 'સમર્થના સથવારે'માં કેટલીક વિગતો વર્ણવી છે. એક સ્મરણાંજલિ સ્વરૂપે આ છે. - **સંપાદક**)

હરિઃૐ આશ્રમ નડિયાદની સ્થાપના થઈ તે અગાઉ પૂજ્ય શ્રીમોટા તેમના દેહસંબંધે નાનાભાઈ મૂળજીભાઈ ભક્તના ન્યુશોરોક મિલના ક્વાર્ટરમાં વહેલી સવારે જ્યારે આવતા ત્યારે શ્રી મધુકર પણ ત્યાં જ રહેતા હોઈ તેમના નિવાસે પણ થોડોક સમય શ્રીમોટા રોકાતા હતા.

મધુકરના બાનો પૂજ્ય શ્રીમોટા પ્રત્યે ભક્તિભાવ હતો. સને ૧૯૬૦ની એક વહેલી સવારે શ્રીમોટા આ બાને વહાલથી ભેટી પડ્યા. તે સમયે બાએ મોટાને 'તમે ખોટું વહાલ કરો છો' એવો મીઠો ઠપકો આપી બંને પુત્રવધુઓ માલતીબહેન અને કાંતાબહેનને કોઈ સંતાન ન હોઈ શ્રીમોટાના ચરણ પકડી લઈ તે માટે પ્રાર્થના કરી. શ્રીમોટાએ આશ્વાસન આપ્યું કે માલતીને એક પુત્ર આપવા માટે પોતે ભગવાનને પ્રાર્થના કરશે. પણ કાન્તા તેને ઉછેરી મોટો કરશે. દેવકીએ કૃષ્ણને જન્મ આપ્યો અને જશોદાએ ઉછેરી મોટો કર્યો હતો તેમ. બા, હવે વધુ બોલીશ નહિ અને આ વાત જાહેર કરીશ નહિ.

આ તો શ્રીહરિનો શબ્દ એટલે તેર વર્ષના લગ્નજીવન બાદ ૩૫ વર્ષની ઉંમરે માલતીબહેને કોઈ જ પ્રકારની તકલીફ વગર પુત્રને જન્મ તો આપ્યો પણ શરૂથી જ ધાવણ ન આવતાં કાંતાબહેને અલ્પ દૂધના આધારે મૌલિકને ઉછેર્યો. એ મૌલિક વિશે પણ ઘણી આશ્ચર્યજનક ઘટનાઓ છે. જેનો ઉલ્લેખ લેખનું લંબાણ ટાળવા અત્રે કરાયો નથી.

મધુકરે સને ૧૯૪૪ થી ૧૯૬૭ સુધી સખત પરિશ્રમ અને પ્રમાણિકપણે કામ કરી નડિયાદની ન્યુશોરોક મીલનું આધુનિકરણ કર્યું હતું. એક નવું અદ્યતન યુનિટ શરૂ કરાયું ત્યારે સ્પિનિંગ માસ્ટર તરીકે બધી જ લાયકાત છતાં તેઓને તે સ્થાન ન મળતાં દિલ દુભાયું. જીવનમાં જે એક જ વખત શ્રીમોટાને પત્ર લખાયો તેનો સુરતથી મોટાએ જવાબ આપ્યો કે **'આપણું અહિત કરનાર કોઈ નથી. જે કામ આવી મળે તે પ્રસન્નતાથી અને નિષ્ઠાથી કરજો. ન્યુશોરોક મીલ છોડવાની નથી. તમારા માટે મારા**

**મનમાં પ્રત્યેક પળે પ્રાર્થના ગુંજતી રહેશે. હું તમારી સાથે જ છું.'**

તે બાદ ન્યુશોરોક મીલના શેઠે અમદાવાદમાં મહિર ટેક્ષ્ટાઈલ મિલ ખરીદી અને તેના સ્પિનિંગ માસ્તર તરીકે શ્રી મધુકરની નિયુક્તિ કરી પણ મન ન માનતાં નોકરી છોડી અને મિત્રની સાથે ભાગીદારીમાં ૧૯૬૮માં કારખાનું શરૂ કરી શ્રીમોટાના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરાયું. તે સમયે શ્રીમોટાના શબ્દો હતા કે :-

**'કોઈ પણ કારખાનું કે ધંધાનું ઉદ્‌ઘાટન કોઈ સંતના હસ્તે થાય માટે સફળતાથી ચાલે એવું માનવું નહિ. કારખાનું કે ધંધો સફળતાથી ચલાવવા માટે ધંધાની જાણકારી, ચીવટ, પ્રમાણિકતા અને પરિશ્રમ જરૂરી છે. જરૂરી મૂડી પણ હોવી જોઈએ.'**

કારખાનાની ખોટ વધતી ગઈ. શ્રીમોટાની સલાહ લેવાતાં ભાગીદારીમાંથી છૂટા થઈ જવાની સલાહ અપાઈ. કારખાનામાંથી છૂટા થવામાં શ્રીમોટાની કૃપાસહાયનો અનુભવ પણ થયો. તે પછી એક જૂના સુતરના કારખાના સાથેની જવાબદારીમાંથી પણ મુક્ત થવાયું. તે દરમિયાન નડિયાદમાં પોતાનું નવું નિવાસસ્થાન બનાવાયું જેના વાસ્તુયજ્ઞ વખતે શ્રીમોટા ભક્તવૃંદ સાથે ઉપસ્થિત રહ્યા. દરમિયાન આર્થિક વિટંબણાઓનો અનુભવ થતાં દિલ ખોલીને શ્રીમોટાને મનોમન પ્રાર્થના કરતાં જૂની નોકરી હતી તે ન્યુશોરોક મિલમાં ફરીથી ૧૯૭૫માં જોડાવાના સંજોગો ઊભા થયા. સર્વ પ્રત્યે સદ્‌ભાવ મધુકરનો હતો તે પરિબળોએ પણ ભાગ ભજવ્યો. તે જ ટેબલ-ખુરશી અને પૂજ્ય શ્રીમોટાનો ફોટો-અકબંધ હતા. શ્રીમોટાની સ્પષ્ટ ના છતાં ન્યુશોરોક મિલ્સની નોકરી છોડી હતી. વર્ષો બાદ કરુણાસિંધુ શ્રીમોટાએ મધુકરને હતા તે સ્થાને ગોઠવી દીધા હતા. શ્રીમોટાના ચરણોને મધુમાલતીએ અશ્રુપ્રવાહથી પખાળ્યા હતા.

હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા પ્રાથમિક શાળાના ઓરડાઓ માટે જે સહયોગ અપાતો તેની કામગીરીની દેખરેખ ને રિપોર્ટ માટે મધુમાલતીનો પ્રવાસ પણ થતો હતો.

પુત્ર મૌલિકને શ્રીમોટાની કૃપાસહાયથી સિવિલ ઍન્જિનીયર તરીકે નોકરી દરમિયાન અમદાવાદ બદલી થતાં મધુકરે અમદાવાદમાં મકાન કર્યું. નડિયાદના વર્ષોના રહેણાંક પછી અમદાવાદમાં નવો વસવાટ હતો પરંતુ મધુમાલતીના મિલનસાર સ્વભાવના કારણે અનેક સ્વજનો સાથે મનમેળ સાધી શકાયો. ડૉ. રમેશ ભટ્ટ, શ્રી લક્ષ્મીપ્રસાદ અમીન, શ્રીમતી સુશીલાબહેન અમીન, સ્વજનો જેઓને ફોઈ-ફૂઆ કહેતા તેમની સાથે તેમજ પૂજ્ય શ્રીમોટાના સેવક દંપતી જયશ્રીબહેન, ઈંદુકાકા તેમજ પ્રભુદાસ જાની વગેરે અનેક સ્વજનો સાથે સત્સંગી તરીકે હૃદયનો નાતો જોડાઈ ગયો હતો. અને જીવનની પાછલી અવસ્થાના વર્ષો પૂજ્ય શ્રીમોટા પ્રેરિત નામસ્મરણમાં, ઉત્સવો અને અન્ય પ્રવાસોમાં આનંદપૂર્વક વીતતાં હતાં.

માલતીબહેનની બીમારી, બહેનના મોટા ઓપરેશન, પોતાને સ્કૂટરનો અકસ્માત એવી અનેક નાનીમોટી આપત્તિઓમાં શ્રીમોટાનું શિરછત્ર હોવાનો સ્પષ્ટ અનુભવ એમને રહેતો હતો.

સ્વજનો પૂજ્ય શ્રીમોટા સાથેના પોતપોતાના સંપર્ક અને સહાયના પ્રસંગો આલેખે એવી વ્યક્ત ટેપવાણી શ્રીમોટાની જ્યારથી મેં સાંભળી હતી ત્યારથી એ માટે અનેક સ્વજનોને હું તે અંગે પ્રેરતો રહ્યો છું. 'હરિભાવ'ના આદ્ય સંપાદક સદ્‌ગત રમેશભાઈએ 'મળાયું પણ ભળાયું નહિ' લખેલ. પ્રભુદાસ જાનીએ 'ન ઓળખ્યા ભગવંતને' લખેલ અને સદ્‌ગત સુશીલાબહેન અમીને 'શ્રીસદ્‌ગુરુ સમીપે' લખેલ છે. તે પ્રમાણે મધુકરે 'સમર્થના સથવારે'માં ઘટનાઓ આલેખી છે.

સદ્‌ગતશ્રીને સદ્‌વાચનનું વ્યસન હતું એમ એમની અંગત લાઈબ્રેરી ઉપર નજર નાખતા જણાય છે. પોતાને જે લખાણ સ્પર્શી ગયું હોય તેની નકલો કરાવી મિત્રમંડળમાં વહેંચતા હતા. તેમનું મિત્રમંડળ પણ 'સમાનેષુ સખ્યમ્'ની રીતે વિશાળ હતું.

પૂજ્ય શ્રીમોટાના અંતેવાસી સદ્‌ગત શ્રી નંદુભાઈ સાથે પણ આ પરિવારનો આદરભાવ અને ભક્તિભર્યો સંબંધ હતો. 'સમર્થના સથવારે'માંથી અને પરસ્પર સંપર્ક અને સંવાદના આધારે આ જે લખાયું છે તે પર્યાપ્ત તો નથી જ એવા સ્પષ્ટ ખ્યાલ-ભાન સાથે ગતાત્માને હૃદયથી વંદું છું. ❑

**ઘરકામ કર્યાનો... (અનુસંધાન પૃ. ૧૧નું ચાલુ)**

પણ આપદમાં આવી પડેલો છે, તેથી અહીં નોકર તરીકે કામ કરે છે, ખરુંને ?'

આ પછી શ્રીમોટાએ શેઠને બધી વાત કરી કે પોતે હરિજનસેવાનાં કામ કરે છે. દર વર્ષે એકાદ માસ કોઈ એકાંત જગાએ જાય છે, તે પ્રમાણે અહીં ધૂંવાધાર જવા આવેલો, પરંતુ રસ્તામાં ખિસ્સું કપાઈ જવાથી પૈસા ચાલ્યા જતાં ત્યાં જઈ શકાયું નથી.

શેઠને થયું : બિચારાના નાહકના પાંચસાત દિવસ બગડ્યા. શેઠે શ્રીમોટાને જોઈતા પૈસા આપ્યા અને શ્રીમોટા ઘરનાં શેઠ, શેઠાણી અને બીજાની રજા લઈને જબલપુરથી ધૂંવાધાર જવા ઊપડ્યા.

ધૂંવાધારથી નડિયાદ આવ્યા બાદ શ્રીમોટાએ શેઠને આભાર માનતો પત્ર લખ્યો. એ વાંચીને શેઠ એટલા પ્રસન્ન થયા કે નડિયાદની હરિજનશાળાને તેઓ દર માસે રૂપિયા પાંચની મદદ મોકલાવતા. આ મદદ કેટલાંય વર્ષો સુધી મળી.

'તરણામાંથી મેરુ', પૃ. ૧૦૦ માંથી સાભાર ❑

(ગઝલ)

શાસ્ત્ર હું ના ભણ્યો, વેદવેદાંતને,
ના કશું જાણ્યું છે એ વિશે મેં,
તોય પ્રિય નામનું એક શરણું ગ્રહ્યે,
હૃદય સ્થિર તે થતાં સર્વ લાધે.
તે પ્રભુનામનો કૈંક મહિમા બધો,
કેમ કરી મૂર્ખ વર્ણન કરું હું,
સૂર્ય ઢાંક્યો ન રે' વાદળાંએ કરી,
તેજ થોડા સમયમાં પ્રકાશે.

'જીવન પાથેય', ત્રીજી.આ. પૃ. ૧૧૦-૧૧૧ -શ્રીમોટા

## (૧૪) શ્રીમોટાના જીવનનો આત્મવિલોપનનો પ્રસંગ

અનામી

પૂજ્ય શ્રીમોટા ગુજરાત હરિજન સેવકસંઘના મંત્રીપદે નહોતા. તેમ છતાં એ હોદ્દાનાં સર્વ કાર્યભાર તેઓ સંભાળતા હતા ત્યારે એક ઘટના બનેલી.

એક કાર્યકર્તાના અનૈતિક જીવન અંગે અન્ય કાર્યકર્તાઓમાં ચડભડ થયા કરતી અને એ પ્રકારનું જીવન હરિજન સેવક સંઘ જેવી જાહેર સંસ્થા માટે ઉચિત નહોતું. પૂજ્ય શ્રી ઠક્કરબાપાને આ અંગેની જાણ થઈ પરંતુ પ્રશ્ન ઘણો નાજુક હતો.

સંઘમાં એક લાગણી એવી હતી કે આ વલણને ટેકો તો આપી શકાય જ નહિ. સાથો સાથ આવા અનૈતિક સંબંધોને જાહેર કરવા એ કોઈ સજાની રીત નહોતી. આ આખા પ્રશ્ન અંગે ભીનું સંકેલવાનું વિચારાઈ રહ્યું હતું.

આ નાજુક પ્રશ્ન અંગે સંઘની વિચારધારાથી શ્રીમોટાનું મન વિચારે ચડ્યું. આ ઘટનામાં સંકળાયેલ વ્યક્તિના સ્વાતંત્ર્ય કે એની મનોદશાનો વિચાર થાય એ ભલે ઉચિત હોય, પણ સાથેસાથે સંસ્થાકીય સામાજિક પ્રભાવ નષ્ટપ્રાયઃ થાય અને સમાજની પવિત્રતા ઝંખવાય એટલે સંઘ પ્રત્યેની સમાજની ઉપસેલી ભાવનાત્મક મૂર્તિ કલંકિત અને ખંડિત બને તેમ હતી.

શ્રીમોટાએ આ મંથનમાંથી નવનીત તારવ્યું. સંઘ સમક્ષ એમણે દરખાસ્ત મૂકી કે આવી ઘટના બની છે એની જાહેરાત થવી જોઈએ અને આવા અનૈતિક કાર્યમાં સંડોવાયેલ સંઘની વ્યક્તિને સંઘમાંથી દૂર કરવી જોઈએ. એ માટે આવા અસામાજિક સંબંધોનું સઘળું દોષારોપણ પોતાના ઉપર થાય અને તે કારણે પોતાને સંઘમાંથી છૂટો કરવામાં આવે એમ પણ શ્રીમોટાએ કહ્યું.

શ્રી ઠક્કરબાપાને આ વિગત જાણીને વિસ્મયનો પાર રહ્યો નહિ. દોષિત વ્યક્તિનું હૃદય પરિવર્તન કે જીવનશુદ્ધિની શક્યતાના ઈરાદાથી નહિ પણ સંઘની તેમજ સમાજના વાતાવરણની પવિત્રતા ખાતર જે ખમીર શ્રીમોટાએ પ્રગટ કર્યું અને ફનાગીરીની જે તત્પરતા દર્શાવી એ વિરલ હતાં. માસિક રૂ. ૫૦ના વેતનમાંથી કુટુંબના સાત સભ્યોનું ભરણપોષણ કરવાની એ વખતની જવાબદારી એમના શિર પર હતી.

પોતાના વ્યક્તિગત મોભાને તેમજ પોતાના પરિવારના સભ્યો-ભાવિની ભયંકર ગર્તામાં ધકેલી દેવા તત્પર બનેલા શ્રીમોટાના હૃદયમાં વૈયક્તિક સ્વાર્થ નહોતો-કુટુંબના ભરણપોષણ દ્વારા જ ફરજ બજાવ્યાનો સાંકડો સંતોષ નહોતો. એમના હૃદયમાં સંઘના સંચાલનમાં રહેવા જોઈતા આદર્શ, તાટસ્થ્ય અને ન્યાયદંડ હતા. સંબંધોની સૂક્ષ્મ માન્યતા હતી. એ ખાતર એમણે આ કલંક પોતાના શિર પર લઈને, સામાજિક ખોફ વહોરીને ખપી જવાની તમન્ના દર્શાવી હતી.

'સ્મૃતિગ્રંથ, સપ્ટે. ૧૯૬૮', પ્ર. આ., પૃ. ૨૨૧ ❑

## (૧૫) તમારી ધન્ય અક્કલને

શ્રીમોટા

તમારું તે તમારું ના, છતાંય બાથ ભીડીને
તમે વળગ્યાં રહો કેવા ! તમારી ધન્ય અક્કલને
ખરેખર જે ન મીઠું છે છતાંયે ચાહીચાહી તે
કરો ચાખ્યાં મીઠું કેવું ! તમારી ધન્ય અક્કલન
જગત સંસારમાં કો ના સ્વજન સાચું ખરેખર છે
છતાં સાચું હૃદય માનો, તમારી ધન્ય અક્કલને
કરીને કારમી મહેનત ઊઠાવી શો પરિશ્રમને,
રળો તો યે ન કાં રળતાં ? તમારી ધન્ય અક્કલને
કર્યા કરતાં વિચારો મન જટિલ, લાંબા પહોળા
ન છૂટે છોડતાં તો યે તમારી ધન્ય અક્કલને
દળ્યાં કરતાં રહો નિશદિન પૂરો શો ખંત રાખીને
બધું શું વાળો કુલડીમાં ? તમારી ધન્ય અક્કલને
ઉધામા કેટલાયે તે કરી નાખ્યા ફરીફરીને
ન ફાવો તોય ત્યાં ઘૂમો તમારી ધન્ય અક્કલને
બહુ સંસારનું જાણ્યું બહુ હોશિયારી રાખીને
છતાં ના રહ્યું જાણવું બાકી તમારી ધન્ય અક્કલને
રળે જે પ્રકૃતિ-ગુણથી પૂરી શી દક્ષતા દાખી
રળે તો યે ન તે રળતા ખરેખર ધન્ય અક્કલને

'પાડજો પગલાં પ્રભુ', પ્ર. આ., પૃ. ૨૯ ❑

## 'હરિભાવ' માસિકપત્રની માહિતી

(ફૉર્મ નં. ૪, રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : બી-૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

૨. પ્રકાશનનો સમય : માસિક

૩. મુદ્રકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૪. પ્રકાશકનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૫. તંત્રીનું નામ : પ્રભુદાસ જાની ('હરિવાણી ટ્રસ્ટ' વતી)
રાષ્ટ્રીયતા : ભારતીય
સરનામું : ઉપર મુજબ

૬. માલિકોનાં નામ : 'હરિવાણી ટ્રસ્ટ'
સરનામું : બી-૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

હું, પ્રભુદાસ જાની આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

'હરિવાણી ટ્રસ્ટ' વતી
તા. ૩૧-૩-૨૦૧૫ પ્રકાશકની સહી
અમદાવાદ. **પ્રભુદાસ જાની**

સાધુતા એ વૃત્તિ છે, વેશ નથી.
વસ્ત્ર પહેરેલો ગૃહસ્થ મનથી સાધુ હોઈ શકે અને ભગવાં કપડાં પહેરેલો સાધુ મનથી સંસારી હોઈ શકે.

•••

જ્યાં નારેશ્વર ત્યાં અવધૂત એમ નહિ, પણ જ્યાં અવધૂત ત્યાં નારેશ્વર.

•••

દેવનું કાર્ય દેવ કરે છે. દેવના કાર્યમાં માથે બોજો હોતો નથી, પણ દેવના નામે થતા કાર્યમાં માથે બોજો આવે છે.

•••

અમારા જેવા દુકાનદારોએ હિંદુધર્મની દુર્દશા કરી મૂકી છે.

-પૂજ્ય શ્રીરંગ અવધૂત



'અવધૂતેર રંગ', બી. આ., માંથી સાભાર
લેખક : પ્રા. શ્રી કુલીન ગ. ઉપાધ્યાય

**HARIBHAV MARCH - 2015**

"Regd. under RNI No. 65683/96.
Registered under Postal Registration No. GAMC/1208/2015
(PROVISIONAL) valid upto 30-06-2015 issued by SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2015
valid upto 30-06-2015



સાચા કળાકારને એ જ ચહેરો સુંદર દેખાશે, જે બહારથી નહિ, પણ અંદરના આતમના તેજથી ઝળહળે છે.

સત્યથી વેગળી એવી કોઈ સુંદરતા અસ્તિત્વ ધરાવતી નથી. હું સત્ય વડે સૌંદર્યને જોઉં છું. સત્ય મેળવ્યા પછી 'શિવ' અને 'સુંદર' બંને મળી રહે છે.

જીવનશુદ્ધિ એ જ સાચી કળા છે.

- ગાંધીજી

*'શાશ્વત ગાંધી',*
*જાન્યુઆરી ૨૦૧૫માંથી સાભાર*

Printed and Published by **PRABHUDAS D. JANI** on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - **PRABHUDAS D. JANI** E-mail : **hariwanitrust@gmail.com**